RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year: 15, Issue: 226, Dt.11-12-2024 Wednesday Page: 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# હિમવર્ષાને પગલે ગુજરાત તીવ્ર ઠંડીની લપેટમાં

**નલીયા ૫ ડીગ્રી સાથે ઠંડુગાર : રાજકોટમાં ૯.૭ ડીગ્રી સાથે ઠંડીનો સપાટોઃ ગિરનાર પણ ૫ ડીગ્રી સાથે હિમપર્વત બન્યો : સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત એક આંકડામાં તાપમાન આવતા લોકો ઠુંઠવાયા : જુનાગઢ ૧૦.૨, ભૂજ ૧૧, પોરબંદર ૧૩.૮, ભાવનગર – જામનગરમાં ઠંડા પવનો ફુંકાયા**

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

રાજ્યમાં હવે શિયાળો બરોબરનો જામી ગયો છે અને સર્વત્ર શિતલહેરો સાથે તાપમાન સતત ગગડી રહ્યું હોય લોકો તિવ્ર ઠંડીની લપેટમાં આવી ગયા છે. દરમ્યાન નલિયા બાદ આજે રાજકોટ ખાતે ચાલુ સિઝનની સૌથી વધુ ઠંડી, સિંગલ ડિઝીટમાં નોંધાઈ હતી. આજે સવારે રાજકોટનું તાપમાન ૯.૭ ડીગ્રી થઈ જતા નગરજનો ઠુંઠવાયા હતા.

ઉપરાંત ૫ ડીગ્રી સાથે નલીયા આજે પણ રાજયનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. અત્રે ૫ ડીગ્રી ઠંડીના પગલે જનજીવન ઉપર વિપરીત અસર પડી હતી. તેમજ આજે ૫ ડીગ્રી સાથે ગીરનાર પણ હિમ પર્વત બની ગયો હતો. અને જુનાગઢ શહેરમાં ૧૦.૨ ડીગ્રી સાથે તીવ્ર ઠંડી અનુભવાઈ હતી.

જયારે આજે અમદાવાદ ખાતે ૧૩.૪, અમરેલીમાં ૧૧.૮, વડોદરામાં ૧૨, ભાવનગરમાં ૧૩.૮, ભુજમાં ૧૧, દમણમાં ૧૭, ડીસામાં ૧૦.૬, દિવ-દ્વારકામાં ૧૫, કંડલામાં ૧૪.૯, ઓખામાં ૨૦.૮, પોરબંદરમાં ૧૩.૮, સુરતમાં ૧૫.૮, અને વેરાવળ ખાતે ૧૬.૯ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

દરમ્યાન સૌરાષ્ટ્રમાંથી મળતા અહેવાલો મુજબ સોરઠમાં લાંબા સમયની રાહ જોવા બાદ ડીસેમ્બરના બીજા અઠવાડીયામાં શિયાળે તેનો અસલી રંગ દેખાડવાનું શરૂ કર્યુ છે. ગઈકાલથી હીમ પવન સાથે ઠંડીનો પારો ગગડીને નીચે ઉતરી જવા પામ્યો છે તેમાં પણ હિમાલયના પરદાદા ગીરનાર રેવતી પર્વત ઉપર તાપમાનનો પારો ૫.૨ ડીગ્રી નીચે ઉતરી જતા પ્રવાસીઓ સહેલાણીઓ ઠુઠવાઈ જવા પામ્યા છે. કુલ ૫ ડીગ્રી નીચે પારો આવી જતા શિયાળાનો અહેસાસ સોરઠ જીલ્લામાં થઈ રહ્યો છે.

સિઝનનો સૌથી ઠંડો દિવસ રહેવા પામ્યો છે. આખો દિવસ ઠંડીના માહોલ વચ્ચે લોકો સ્વેટર, મફલર, ટોપી સાલ સાથે જોવા મળી રહ્યા છે. સમી સાંજમાં રસ્તા સુમસામ જોવા મળી રહ્યા છે. જુનાગઢ શહેરમાં ૧૦.૨ ડીગ્રીએ પારો નીચે આવી જતા ઠેર ઠેર



તાપણા કરી ઠંડી ઉડાડવા લોકો પ્રયાસો કરતા જોવા મળી રહ્યા છે.

પવનની ગતિ વધીને ૭.૮ કી.મી.ની ઝડપે પ્રતિ કાક ફેકાઈ રહ્યો છે. ભેજ ઘટીને ૨૭ ટકા થઈ જવા પામ્યો છે. રવિપાકને ઠંડીના કારણે સારી અસર જોવા મળી રહી છે.

અમરેલી શહેર સહિત જિલ્લામાં છેલ્લા બે દિવસથી કોલ્ડવેવની અસર હોય ભારે પવન સાથે કડકડતી ઠંડીમાં લોકો ઠુંઠવાયા છે. ત્યારે આજે વ્હેલી સવારે અમરેલી ૧૧.૮ ડિગ્રી અને ધારીમાં ૧૨ડિગ્રી તાપમાન નોંધાયું છે. અમરેલી શહેર સહિત જિલ્લામાં છેલ્લા બે દિવસથી ભારે ઠંડી પડી રહી છે. ઠંડીના કારણે આજે સવારે શહેરના મુખ્ય માર્ગો મોડે સુધી સૂમસામ જોવા મળતા હતા.

ત્યારે સવારે સ્કૂલે જતાં બાળકો પણ રંગબેરંગી ગરમ કપડામાં ઢબુરાઈને સ્કૂલેજતાં જોવા મળતા હતા. જયારે મોર્નિંગવોકમાં નીકળતા લોકો પણ ઠંડીના કારણે ઓછા જોવા મળી રહયા હતા.આજે દિવસભર હવામાન ઠંડુગાર રહેતા અને રાત ઢળતા જ ઠંડી વધી જતાં શહેરના વેપારીઓ પણ રાત્રે વહેલાસર ધંધા રોજગાર આટોપી અને ઘર તરફ નીકળી ગયા હતા.

ત્યારે આજે અમરેલી ખાતે મહત્તમ તાપમાન ૨૬.૪, લઘુત્તમ તાપમાન ૧૧.૮, ભેજનું પ્રમાણ ૬૦ ટકા અને પવનની ગતિ ૭.૧ કિ.મી. નોંધાયેલ છે. જયારે શેત્રુંજી નદીના કાંઠે વસેલા ધારી ગામે પણ આજે લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રી નોંધાતા સૌ કોઈએ શિયાળાની ઋતુનો અનુભવ કર્યો હતો. જામનગરમાં આજે પણ બર્ફીલા પવનથી લોકો રીતસર ધ્રુજી ઉઠ્યા હતાં.

ઠંડીનો પારો ૧૪.૨ ડિગ્રી રહ્યો હતો.પવનની ગતિ ૮.૧ કિમિ રહેતા સુસવાટા મારા પવન ફૂંકાયો હતો.દિવસભર શીતલહેર યથાવત રહેતા લોકો ગરમ વસ્ત્રોમાં ઢબુરાયા હતાં. સવારે અને રાત્રીના માર્ગો પર કુદરતી સંચારબંધી જોવા મળી હતી.

ઉત્તર ભારતમાં થયેલી હિમવર્ષાની અસર જામનગરમાં પણ વર્તાઈ રહી છે. જેના કારણે તાપમાનનો પારો નીચે શરકતા ફરી એક વખત ઠંડીમાં વધારો થયો છે. હાલારમાં પણ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. જામનગરમાં આજે સવારે ૮ વાગ્યે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન નહીંવત ઘટીને લઘુતમ તાપમાન ૧૪.૨ અને અડધાડીગ્રીના ઘટાડા સાથે મહત્તમ તાપમાન ૨૫.૫ ડીગ્રી નોંધાયું હતું. પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૮.૧ કિમી રહેવા પામી હતી.આ સાથે તાપમાન ઘટતા તથા પવનની ગતિમાં થયેલા પગલે શહેર આખું ઠંડુગાર થઈ ગયું હતું.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દિલ્હી પહોંચ્યા : મોદી- શાહને મળશે

## આવતીકાલે સરકારની બીજી ટર્મના બે વર્ષ પુર્વે જ મુલાકાત સૂચક : ઓલિમ્પીક તૈયારી પણ એજન્ડા

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાતની ભુપેન્દ્ર પટેલ સરકાર આવતીકાલે તેની બીજી ટર્મના બે વર્ષ પુરા કરવા જઈ રહી છે તેના એક દિવસ પુર્વે જ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ આજે તેમના ખાસ વિમાનમાં દિલ્હી જવા રવાના થતા જ ફરી એક વખત રાજયમાં રાજકીય તર્કવિતર્કની ચર્ચા થવા લાગી છે.

પટેલ તેમની દિલ્હી મુલાકાત સમયે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહને મળનાર છે. જો કે તેમની આ મુલાકાત ઓચિંતી નથી તે સ્પષ્ટ થયુ છે. સામાન્ય રીતે દર બુધવારે મળતી રાજય કેબીનેટ બેઠક એક દિવસ વહેલી એટલે કે ગઈકાલે મંગળવારે જ બોલાવી લેવામાં આવી હતી.આમ તેમનો દિલ્હી પ્રવાસ નિશ્ચિત હતો અન હાલ ગુજરાતમાં ભાજપના પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ પણ સંસદનું સત્ર ચાલતું હોવાથી દિલ્હીમાં જ છે અને તેથી તેઓ પણ આ બેઠકમાં સામેલ થાય તેવી ધારણા છે.સૂત્રોના જણાવ્યા મુજબ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ તેમની સરકારની છેલ્લા ત્રણ માસની કામગીરીનો રિપોર્ટ રજુ કરવા દિલ્હી ગયા છે. ગુજરાતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી શ્રી અમીત શાહનું હોમગ્રાઉન્ડ છે અને બન્ને નેતાઓ ગુજરાત અંગે સતત અપડેટ રહે છે.

હજુ ગત રવિવારે જ શ્રી શાહ અમદાવાદ હતા. જો કે તેમાં પોતાના ગાંધીનગર સંસદીય ક્ષેત્રના કાર્યક્રમોમાં



નિયમીત હાજરી આપતા રહે છે અને સતત લોકો સાથે સંપર્કમાં રહે છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાતમાં આગામી સમયમાં ઓલિમ્પિક તૈયારીને સૌથી મહત્વ અપાઈ રહ્યુ છે અને અમદાવાદ તેનું કેન્દ્ર બનશે તે સમયે આ શહેરને વર્લ્ડ કલાસ સીટી તરીકે દર્શાવવા અને આધુનિક સુવિધાઓ માટે સરકાર આતુર છે અને ૨૦૩૬ના ઓલિમ્પિકના દાવા માટે મજબૂત બ્લુપ્રિન્ટ જરૂરી છે તેથી તે માટે પણ આ બેઠકમાં ચર્ચા થઈ શકે છે. મહત્વનું એ છે કે, ગુજરાતમાં લાંબા સમયથી મંત્રીમંડળના વિસ્તરણની ચર્ચા છે.ભુપેન્દ્ર પટેલ પ્રારંભથી જ મર્યાદીત મંત્રીઓ સાથે સરકાર ચલાવે છે તો ભાજપના ૧૫૬ બેઠકો પર વિજય બાદ લાંબા સમયથી આ ચર્ચા છે પણ એક યા બીજા કારણોથી મંત્રીમંડળ વિસ્તરણ થયુ નથી પણ હવે સંભવત આ એજન્ડા હાથમાં લેવાયો હોય તો તેની પણ ચર્ચા થશે તેવુ સૂત્રો કહ છે.

આ ઉપરાંત ખ્યાતિ હોસ્પીટલ કાંડે ગુજરાતમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ જે કૌભાંડ ચાલે છે તેને ખુલ્લા કર્યા છે અને સરકારને એક બાદ એક હોસ્પીટલોને આ યોજનામાંથી સસ્પેન્ડ કરવાની ફરજ પડી રહી છે. ઉપરાંત સરકારી અધિકારીઓની સંડોવણી પણ ખુલ્લી છે. આમ વડાપ્રધાનની આ મહત્વાકાંક્ષી યોજનાને તેના ગૃહ રાજયમાં જ જે રીતે ભ્રષ્ટાચારનો લુણો લાગી ગયો તે વડાપ્રધાન માટે ચિંતા હોઈ શકે છે.

# પ્રધાનમંત્રી જનધન યોજના હેઠળ ખોલાયેલા ૧૧.30 કરોડ ખાતા નિષ્ક્રિય

## નિષ્ક્રિય ખાતામાં ૧૪૭૫૦ કરોડ રૂપિયા જમા : રાજયસભામાં રાજય નાણામંત્રીએ આપી માહિતી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પ્રધાનમંત્રી જનધન યોજના (પીએમજેડીવાય) અંતર્ગત અત્યાર સુધી ૫૪.૦૩ કરોડ ખાતા ખોલવામાં આવ્યા છે.જેમાંથી ૧૧.૩૦ કરોડ ખાતા નિષ્ક્રિય ખાતામાં ૨૦ નવેમ્બર ૨૦૨૪ સુધી ૧૪૭૫૦ કરોડ રૂપિયા જમા છે.

રાજયસભામાં મંગળવારે એક પ્રશ્નના જવાબમાં નાણા રાજયમંત્રી પંકજ ચૌધરીએ આ બાબતની જાણકારી આપી હતી તેમણે જણાવ્યું હતું કે બેન્કોને નિશ્ક્રીય ખાતાની સંખ્યાને ઘટાડવા માટે તત્કાલ પગલા ઉઠાવવાનો નિર્દેશ અપાયો છે.




આરબીઆઈના દિશા નિર્દેશ મુજબ બચતની સાથે સાથે ચાલુ ખાતાને ત્યારે નિષ્ક્રિય માનવામાં આવે છે જો ખાતામાં ગ્રાહકે બે વર્ષથી વધુ સમય ગ્રાહક દ્વારા કોઈપણ પ્રકારની કોઈ લેવડ ન કરવામાં આવી હોય.

કયાં રાજયમાં કેટલા નિષ્ક્રિય ખાતાઃ ઉતર પ્રદેશમાં સૌથી વધુ લગભગ ૯.૬૩ કરોડ ખાતા પીએમજેડીવાયથી ખોલવામાં આવેલા. પણ તેમાં લગભગ ૨.૩૪ કરોડ ખાતા નિષ્ક્રિય છે.જયારે પશ્ચિમ બંગાળમાં ૫.૨૫ કરોડ ખાતા ખોલાયા પણ હાલમાં ૭૮.૫ લાખ ખાતા નિષ્ક્રીય છે.

# હાઈકોર્ટમાં કેસ પડતર હોવા છતાં મિલકત તોડી પાડતા ચીફ ઓફિસરને દંડ અને અદાલતના તિરસ્કારની કાર્યવાહી

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે હાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર સામે એક મિલકત તોડી પાડવા બદલ કોર્ટના તિરસ્કારની કાર્યવાહી શરૂ કરી હતી. સંબંધિત મામલો ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પેન્ડિંગ હતો તેમ છતાં આ પગલું ભરવામાં આવ્યા બાદ હાઈકોર્ટે કડક કાર્યવાહી શરૂ કરી હતી.

એટલું જ નહીં હાઈકોર્ટે હાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર હિરલ ઠાકર અને નગરપાલિકાને ચાર અઠવાડિયાના સમયગાળામાં હાઈકોર્ટની રજિસ્ટ્રીમાં જમા કરાવવા માટે પ્રત્યેક રૂ.૫૦૦૦૦નો દંડ પણ લાદ્યો છે.

હાઈકોર્ટે ખોટી એફિડેવિટ દાખલ કરવા બદલ ડેપ્યુટી કલેક્ટર પાસે પણ ખુલાસો માંગ્યો હતો. હાઈકોર્ટે નોંધ્યું હતું કે, અધિકારીઓ દ્વારા અદાલતી કાર્યવાહીની ઉપરવટ જઈને કોર્ટનો અનાદર કરવામાં આવ્યો હતો. કારણ કે મામલો નિર્ણય માટે પેન્ડિંગ હતો. ઈઈ એ ફાઈલને સુરક્ષિત કસ્ટડીમાં રાખવાનો આદેશ પણ આપ્યો છે. કેસની સુનાવણી ૧૮ ડિસેમ્બરે મુલતવી રાખવામાં આવી હતી.

કેસની વિગતો મુજબ, હાલોલ નગરપાલિકાના સત્તાવાળાઓએ કબજેદારો દ્વારા કથિત રીતે અતિક્રમણ કરાયેલા ગેરકાયદે બાંધકામોને તોડી પાડવા માટે નોટિસ પાઠવી હતી. સ્પેશિયલ સેક્રેટરી રેવન્યુ ડિપાર્ટમેન્ટ (જજીછઉ) દ્વારા સ્ટે આપવાનો ઈન્કાર કર્યા બાદ કબજેદારોએ બાંધકામ તોડી પાડવાની કાર્યવાહીની નોટિસ સામે ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતાં.

ઈઈએ ૧૮ નવેમ્બરે વધુ સુનાવણી રાખી હતી. જો કે, સુનાવણી થાય



તે પહેલા ૧૧ નવેમ્બરે હાલોલ નગરપાલિકા મિલકત તોડી નાખી હતી. આ બાબતે અરજદારો દ્વારા હાઈકોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી.

અરજી સાંભળ્યા બાદ હાઈકોર્ટે ચીફ ઓફિસરને સમન્સ પાઠવ્યા હતા અને હાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર હિરલ ઠાકર સામે કોર્ટના તિરસ્કારની કાર્યવાહી શા માટે શરૂ ન કરવી જોઈએ તે માટે નોટિસ પાઠવી હતી. હાઈકોર્ટે અવલોકન કર્યુ હતું કે મ્યુનિસિપાલિટી દ્વારા ખોટી ઉતાવળ કરીને મનસ્વી રીતે આકરી કાર્યવાહી કરવામાં આવી હતી.

જે અદાલતના તિરસ્કાર સમાન છે. ચીફ ઓફિસર કોર્ટમાં હાજર થયા અને પોતાનો જવાબ દાખલ કર્યો. જો કે, હાઈકોર્ટે અવલોકન કર્યુ હતું કે અધિકારીએ તેની કાર્યવાહીને ઓવરરીચ કરી અને તેની સામે અદાલતનાં તિરસ્કારની કાર્યવાહી શરૂ કરી હતી.

# આવકવેરાના અધિકારીની ઓળખ આપી પિસ્તોલની અણી પર એક કરોડની લૂંટના કેસમાં આરોપીના જામીન હાઈકોર્ટે ફગાવ્યા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સુરતમાં આવકવેરાના અધિકારી તરીકે ઓળખ આપી પિસ્તોલની અણી પર એક કરોડ રૂપિયાની લૂંટ કરવાના કેસમાં આરોપી રોહિત ઠુમ્મરની જામીન અરજી કેસની ગંભીરતા અને ગુનાનો પ્રકાર જોતાં ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હતી.

કેસની વિગત મુજબ, ગત ફેબ્રુઆરીમાં સુરતમાં હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા મશીનો બનાવતી કંપનીની એક શાખામાંથી રૂ.એક કરોડની માતબર રકમ લઈને કંપનીના કર્મચારીઓ બીજા શાખાના સેફ વોલ્ટમાં મૂકવા જતા હતા.

તે દરમ્યાન રસ્તામાં આરોપી રોહિત ઠુમ્મરે ગાડી આંતરી પોતાની ઈન્કમટેક્સ ઓફિસર તરીકે ઓળખ આપી હતી અને બાદમાં કર્મચારીઓને ડરાવી ધમકાવી તે ગાડીમાં બેસી ગયો હતો. એ પછી તે કર્મચારીઓને બંદૂક બતાવી તેઓને નીચે ઉતારી ગાડીમાંના પૈસા, કર્મચારીઓના મોબાઈલ ને બધુ લઈને ગાડી સાથે જ રફુચક્કર થઈ ગયો હતો. આ બાબતે કતારગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.

સુરત પોલીસે આ કેસમાં આરોપી રોહિત ઠુમ્મરની ધરપકડ કરી હતી. તેની તપાસમાં બહાર આવ્યું હતું કે, લૂંટની આ ઘટના પાછળનો મુખ્ય સૂત્રધાર કંપનીનો જ કર્મચારી નરેન્દ્ર દુધાત છે. દુધાતે કંપનીમાંથી આઠ કરોડ રૂપિયાની ઉચાપત કરી હતી.

પોલીસ તપાસમાં એ વાતનો પણ ખુલાસો થયો હતો કે, રોહિત ઠુમ્મરે જે



બંદૂક બતાવી હતી, તે નકલી હતી. આરોપીએ હાઈકોર્ટ સમક્ષ જામીન અરજીમાં બચાવ રજૂ કર્યો હતો કે, તેણે જે બંદૂક બતાવી હતી, તે નકલી હતી.

વળી, ગાડીમાં જે રૂપિયાની વાત છે, તેમાં ખરેખર કાગળિયા હતા. મુખ્ય સૂત્રધાર નરેન્દ્ર દૂધાત છે. જો કે, સરકારપક્ષ તરફથી આરોપીની જામીન અરજીનો સખત વિરોધ કરાયો હતો., જેને ગ્રાહ્ય રાખી હાઈકોર્ટે આરોપી રોહિત ઠુમ્મરના જામીન ધરાર ફગાવી દીધા હતા.

# આ વર્ષના પ્રથમ છ માસમાં રૂા.૪૨ હજાર કરોડ લોન માંડવાળ કરી

**મુખ્ય સમાચાર,મુંબઈ**

ભારતીય બેંકો દ્વારા પાંચ વર્ષ પહેલા એનપીએ સામે સફળ કરાયેલી ઝુંબેશ બાદ ફરી એક વખત બેન્કોમાં બેડ લોન વધવા લાગી છે અને છેલ્લા પાંચ વર્ષમાં બેન્કોએ રૂા.૯.૯૦ લાખ કરોડની લોન માંડવાળ કરી છે. ૨૦૨૩-૨૪ના વર્ષમાં બેન્કોએ કુલ રૂા.૧.૭૦ લાખ કરોડની લોન માંડવાળ કરી હતી જ્યારે તેની સામે બેન્કોનું પ્રોવિઝન ૨.૦૮ લાખ કરોડ હતું જ્યારે ચાલુ નાણાંકીય વર્ષમાં પ્રથમ છ માસમાં બેન્કોએ રૂા.૪૨ હજાર કરોડનું ધિરાણ વસુલાત થઈ શક્ય તેમ ન હતું તે માંડવાળ કર્યુ છે. જેમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, પંજાન નેશનલ બેન્ક, યુનિયન બેન્ક અને બેન્ક ઓફ બરોડા મોખરે છે.




રાજ્યસભામાં આ માહિતી આપતા નાણામંત્રાલયએ સ્પષ્ટતા કરી હતી કે લોન રાઈટઅપ કે માંડવાળ કરવાથી ધિરાણ લેનારની જવાબદારી પુરી થઈ જતી નથી અને તે રકમ વસુલાત કરવાના પ્રયત્ન ચાલુ જ છે અથવા તો તે લોન વસૂલાત માટે બેડ બેન્કને વેંચી દેવામાં આવે છે તે મુજબ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ ચાલુ નાણાંકીય વર્ષમાં પ્રથમ છ માસમાં રૂા.૮૩૧૨ કરોડ પંજાબ નેશનલ બેન્કે ૮.૦૬૧ કરોડ, યુનિયન બેન્કે ૬૩૪૪ અને બેન્ક ઓફ બરોડાએ રૂા.૫૯૨૫ કરોડ માંડવાળ કર્યા છે. જ્યારે આ સમય દરમ્યાન રૂા.૩૭૨૫૩ કરોડની વસૂલાત થઈ હતી. બેન્કોએ છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૯.૯૦ લાખ કરોડની બેન્કોએ જે લોન માંડવાળ કરી છે તેમાં ૨૦૧૯-૨૦માં સૌથી વધુ રકમ ૨.૩૪ લાખ કરોડની રકમ એનપીએમાં હતી તે રાઈટઅપ કરી છે.જો કે બેન્કોએ તેની સામે પુરું પ્રોવિઝન રાખ્યું હતું જેના કારણે બેન્કોને તેની નફા શક્તિ પર કોઈ મોટી અસર થઈ નથી. બન્ક દ્વારા જે ધિરાણ વસુલાતું ન હોય તેને તબક્કાવાર એનપીએમાં મુકવામાં આવે છે અને બાદમાં તે રકમ સામે પ્રોવિઝન પણ થાય છે અને તેથી જ બેન્કો આ લોન શક્ય તેટલી વધુ વસુલવા પ્રયત્ન કરે છે. પરંતુ જો ન વસુલાય તો તે બેડ બેન્કને બેલેન્સીટ સ્વચ્છ રહે છે.

# ખ્યાતિ કાંડ ઈફેક્ટ :પીએમજેવાય યોજના હેઠળ દર્દીઓની સંખ્યામાં 30 ટકાનો ઘટાડો

## ૪૫ મિનીટમાં મળતી 'એપ્રુવલ'માં હવે કલાક થતી હોવાનો નિર્દેશ : પ્રમાણિક દર્દીઓને નુકશાન થવાનો દાવો

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

અમદાવાદના ખ્યાતિ હોસ્પીટલ કાંડ બાદ સમગ્ર આરોગ્ય ક્ષેત્રે ગંભીર પ્રત્યાઘાતો પડયા છે અને સરકાર પણ સ્તબ્ધ છે. જયારે પીએમજેવાય યોજના હેઠળ હોસ્પીટલમાં દાખલ થતા દર્દીઓની સંખ્યામાં એકાએક 30 ટકાનો ઘટાડો જણાયો છે. આ ઘટાડા વિશે પણ અનેકવિધ સવાલ ઉઠવા લાગ્યા છે.

સુત્રોના કહેવા પ્રમાણે ખ્યાતિકાંડ પૂર્વે ગુજરાતમાં કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ દરરોજ સરેરાશ ૩૮૦૦ દર્દી દાખલ થતા હતા અને તેઓના વિમા દાવા પ્રોસેસ થતા હતા મેથી ઓકટોબર મહિના સુધી આ સરેરાશ રહી હતી પરંતુ ૧૧ નવેમ્બરે ખ્યાતિકાંડ સર્જાયા બાદ છેલ્લા એક મહિનામાં આ યોજના હેઠળ વિમા દાવાની રોજની પ્રોસેસ માટે ૨૭૦૦ થઈ ગઈ છે જે અંદાજીત ૩૦ ટકાનો ઘટાડો સુચવે છે.

ખ્યાતિ કાંડ બાદ આરોગ્ય યોજનામાં સંભવીત ગોટાળા અને ભ્રષ્ટાચાર રોકવા માટે સરકાર દ્વારા નવી આકરી એસઓપી લાગુ કરવામાં આવી હતી એક મહિનામાં ૧૨ હોસ્પીટલો તથા તેની સાથે સંકળાયેલા ડોકટરોને યોજના હેઠળ સસ્પેન્ડ કરી દેવાયા હતા.

તબીબી ક્ષેત્રના સુત્રોએ કહ્યું કે ગોટાળા રોકવા માટે વધુ પડતી સાવચેતી દર્દીઓને નુકશાન કરી રહી છે હવે એવી સ્થિતિ સર્જાઈ છે કે એન્જીયોપ્લાસ્ટીના દાવાની મંજુરી પુર્વે બ્લડ રીપોર્ટ તથા ટીએમટી જેવા પરિક્ષણોનાં રીપોર્ટ મોકલવા પડે છે અગાઉ ૪૫ મીનીટમાં મંજુરી મળી જતી હતી જેમાં હવે બે કલાક કે તેથી વધુનો સમય લાગે છે નવી કે નાની હોસ્પીટલોનાં દાવાઓમાં વધુ ચકાસણી થાય છે.અમદાવાદ હોસ્પીટલ એન્ડ નર્સીંગ હોમ એસોસીએશનનાં પ્રમુખ ડો.ભરત ગઢવીએ કહ્યુ કે અમદાવાદમાં દરરોજ ૨૦૦ વિમા દાવા પ્રોસેસ થતા હતા તે સંખ્યા ૧૪૦ થઈ ગઈ છે.દર્દીના હિત અથવા ગોટાળા રોકવા સાવચેતી આવકાર્ય છે. પરંતુ ચકાસણીના નામે




બિનજરૂરી ઢીલ દર્દી માટે જ નુકશાનકારક છે.

આરોગ્ય વિભાગનાં અધિકારીએ જોકે એવો દાવો કર્યો હતો કે પીએમજેવાય યોજના હેઠળના વિમા દાવાની સંખ્યામાં કોઈ નોંધપાત્ર ઘટાડો જણાતો નથી ખાનગી હોસ્પીટલોનાં દાવા આવતા થયા હોઈ શકે છે આરોગ્ય મંત્રી ૠષિકેશ પટેલે પણ આરોગ્ય વિમા દાવા ઓછા થયાનું નકાર્યુ હતુ. પ્રમાણીક દર્દીઓનાં દાવામાં કોઈ અડચણ નથી. ગોટાળા કરનારાઓ પર સકંજો છે.

# જસદણના ગોખલાણા ગામે પત્ની સાથે ઝઘડો થતા યુવાનનો આપઘાત

## ધોરાજીમાં પતિએ કહ્યા વગર દાગીના વેચી નાખતા પરિણીતાએ કર્યો આપઘાત

**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણના ગોખલાણા ગામમાં લગ્ન પ્રસંગમાં જતી વખતે પત્નીને તૈયાર થવામાં મોડું થતા પતિ-પત્ની વચ્ચે ઝગડો થયો અને પતિએ ઝેરી દવા પી લેતા પતિનું મોત નીપજ્યું છે. તો ધોરાજીમાં પરિણીતાની જાણ બહાર સોનાના ઘરેણાં વેંચી નાખતા ઝેરી દવા પી લઈ આપઘાતનું ગંભીર પગલું ભરી લીધું છે. આ બન્ને આપવાત બાદ મૃતકોના પરિવારોમાં ગમગીનીભર્યું વાતાવરણ સર્જાયું છે.જસદણ તાલુકાના ગોખલાણા ગામે ધર્મેશ વિનુભાઈ પાંચલાએ પતિ-પતિના ઝઘડામાં લાગી આવતા રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં જસદણ જૂના બસ સ્ટેશન પાસે ઝેરી દવા પી લીધી હતી. યુવાનને તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થતા પરિવારમાં અરેરાટી છવાઈ ગઈ છે. મૃતકના લગ્ન એક વર્ષ પહેલા જ થયા હતા.

પ્રાથમિક પુછપરછમાં મૃતક યુવાન બે ભાઈ એક બહેનમાં નાનો હતો અને એક વર્ષ પૂર્વે જ લગ્ન થયા હતાં. લગ્ન પ્રસંગમાં જવા સમયે પત્ની હિરલબેને તૈયાર થવામાં મોડુ કરતા દંપતિ વચ્ચે ઝઘડો થતાં ધર્મેશ પાંચલાને લાગી આવતા ઝેર પી આત્મહત્યા કરી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે જસદણ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.જસદણ પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવાનના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડીકલ કોલેજ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

તો બીજી તરફ, ધોરાજીમાં ૨૧ વર્ષીય પરિણીતાએ ઝેરી દવા પી આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ છે. ધોરાજીના ફેરણી રોડ પર ગોકુલ પાર્કમાં રહેતી પરિણીતાના સાસરિયા સંબંધીને ત્યાં લગ્ન પ્રસંગ મામાજી સસરાના ઘરે લગ્ન પ્રસંગમાં જવા પહેરવા દાગીના ન હોવાથી પરિણીતાએ ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું હતો તે દરમિયાન પરિણીતાને તેના સોનાના દાગીના ન મળતા તેણે આ અંગે તેના પતિને વાત કરી હતી. પતિએ આર્થિક ભીંસના કારણે દાગીના વેંચી નાખ્યા હોવાનું જણાવતા પરિણીતાને મનમાં લાગી આવતા આપવાતનું પગલું ભરી લીધું છે. મળતી વિગતો મુજબ, જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના પાટણ ગામના વિનેશભાઈ પ્રેમજીભાઈ કરસેજાની પુત્રી મિતલના






લગ્ન એક વર્ષ પુર્વે ધોરાજીના ગોકુલ પાર્ક બસ સ્ટેન્ડ પાસે રહેતા દિપક શંખેસરીયા સાથે થયા હતા. થોડા સમય પુર્વે દિપકને શાકભાજીના વેપારમાં મંદી આવતા દેશુ ભરપાઈ કરવા મિતલબેનના દાગીના વેંચી નાખ્યા હતા. મિતલે પ્રસંગમાં પહેરવા માટે ઘરેણાની વ્યવસ્થા કરી આપવા જણાવ્યુ ત્યારે દિપકે પૈસાની સગવડ ન હોય દાગીના વેંચી નાખ્યાનું જણાવતા મિતલને લાગી આવ્યું અને તેણે જીવન ટૂંકાવી નાખવા ઝેરી દવા ગટગટાવી હતી. મિત્તલને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવી હતી. પરંતુ હોસ્પિટલમાં તેને સારવાર મળે તે પુર્વે જ તેનુ મોત થયુ હતુ. આ અંગે ધોરાજી પોલીસે આપયાતની વિગત નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# ગોંડલમાં સપ્લાય કરવા આવેલા બે શખ્સોને ૫.૭૯૪ કિ.ગ્રા. ગાંજા સાથે એસઓજીએ ઝડપી લીધા

- ગાંજો, મોબાઈલ સહિત ૬૧ હજારનો મુદ્દામાલ કબ્જે



**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલની ઉમવાડા ચોકડી પાસેથી ગ્રામ્ય એસઓજીએ દરોડો પાડી રાજસ્થાનથી ગાંજાની ખેપ મારી આવેલ જેતપુરના શખ્સ અને રાજસ્થાનના બે શખ્સો પાસેથી ૫.૭૪૯ કિલો ગાંજાના જથ્થા સહીત રૂા.૬૧,૪૯૦ નો મુદામાલ કબજે કર્યો હતો.રાજકોટ ગ્રામ્ય એસઓજી બ્રાન્ચના પીઆઈ એફ.એ.પારગી, પીએસઆઈ બી.સી.મીયાત્રા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન એએસઆઈ જયવિરસિંહ રાણા, પ્રહલાદસિંહ રાઠોડ અને અરવિંદભાઈ દાફડાને મળેલી બાતમીના આધારે ઉમવાડા ચોકડી પાસે આવેલા લોખંડનાં ઓવરબિજ પાસેથી બે શખ્સોને શંકાસ્પદ રીતે સકંજામાં લઈ તલાશી લેતા ૫.૭૪૯ કિલોગ્રામ માદક પદાર્થ ગાંજો મળી આવ્યો હતો. જેતપુર અંબર સિનેમા પાસે રહેતા સંજુ દિપકભાઈ વાઘેલા અને રાજસ્થાનના મહેન્દ્રભાઈ ઉર્ફે રાજેશ હલીયાભાઈ કટારાને રૂ.૫૭૪૯૦ની કીમતના ગાંજો અને બે મોબાઈલ મળી કુલ ૬૧,૪૯૦/- રૂપિયાના મુદ્દામાલ કબજે કર્યો હતો. સંજુ અને મહેન્દ્ર રાજસ્થાનથી ગાંજો લઈ આવ્યા હોવાનું ખુલ્યું છે.આ કામગીરીમાં રાજકોટ રૂરલ એસઓજીની ટીમના પીએસઆઇ બી.સી.મિયાત્રા, ઈન્દ્રસિંહ સજુભા જાડેજા, અમીતભાઈ અશોકભાઈ કનેરીયા, સંજયકુમાર ભગવાનદાસ નિરંજની, શિવરાજભાઈ ભાણાભાઈ ખાચર, રઘુભાઈ દેવાભાઈ ઘેડ, વિજયગીરી રસીકગીરી ગોસ્વામી, ચિરાગભાઈ વાલાભાઈ કોઠિવાર તથા ડ્રા.એ.એસ.આઇ અમુભાઈ ગગુભાઈ વીરડા સહિતના જોડાયા હતા.

# મોરબી બિલ્ડર એસોસિએશન દ્વારા મુખ્યમંત્રીને જંત્રીના દરમાં કરાયેલા ધરખમ વધારા અંગે રજુઆત

## મહત્તમ બાંધકામ ઉદ્યોગો પર થનારી અસર અંગે રજૂઆત કરાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી બિલ્ડર એસોસિએશન દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને જંત્રીના દરમાં કરવામાં આવેલા ૨૦૦% થી ૨૦૦૦%ના વધી ગયેલા ધરખમ વધારા સામે વિરોધ નોંધાવી આવેદન દ્વારા પ્રજાલક્ષી અભિગમ દાખવવા માંગણી કરી છે. સંસ્થાએ આ નવા જંત્રી-દરોથી થતી અસહ્ય આર્થિક બોજને કારણે પ્રજા અને બાંધકામ ઉદ્યોગો પર થતી અસરને દર્શાવી પ્રજાલક્ષી અભિગમ અપનાવી ફેર વિચારણા કરવા લેખિત રજુઆત સાથે આવેદન પાઠવ્યું છે.

મોરબી બિલ્ડર એન્ડ લેન્ડ ડેવલોપર્સ એસોસિએશન દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રાજ્યમાં જંત્રીના દરોમાં થયેલા અસહ્ય વધારાને લઈને આવેદનપત્ર પાઠવ્યું છે. સંસ્થાએ રીયલ એસ્ટેટ સેક્ટરના મહત્વ અને આ ઉદ્યોગ સાથે જોડાયેલા લોકો ઉપર આ સૂચિત જંત્રી-દરમાં વધારા થકી થતી આર્થિક અસર અંગે ચિંતા વ્યક્ત કરી છે. જંત્રી વધારા અંગે રજુઆતમાં જણાવ્યું છે કે સરકારશ્રી એ જંત્રીના દરો નક્કી કરતી વખતે વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કર્યો હોવાનો દાવો કર્યો છે, પરંતુ તે અંગેની સ્પષ્ટતા કરવામાં આવી નથી, તથા નવા જંત્રીના દરોથી જમીન અને મિલકતની ખરીદીમાં સ્ટેમ્પ ડ્યૂટી અને પ્રીમિયમ ફી વધી છે, જેનાથી મધ્યમવર્ગ અને પ્રજાના અન્ય વર્ગો માટે મકાન અને એપાર્ટમેન્ટ મોંઘા બનશે. આ સાથે રજુઆતમાં મહત્વપૂર્ણ માંગણીઓ કરીને સુધારો કરવા અંગે જણાવ્યું છે કે જંત્રીના દરોની ખૂબ મોટી અસર કરતા હોવાને



કારણે, પ્રજાની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને વાસ્તવિક પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરવું જરૂરી છે. આ સિવાય પ્રજાને વાંધા-સૂચનો રજૂ કરવાની તક આપવી જોઈએ તથા જંત્રી-દર નક્કી કરતી વખતે સમગ્ર પ્રક્રિયામાં જનપ્રતિનિધિઓના સૂચનો લેવામાં આવવા જોઈએ. વધુમાં મોરબી બિલ્ડર એસોસિએશન દ્વારા જણાવાયું છે કે મુખ્યમંત્રીની દુરંદેશી અને પ્રજાલક્ષી કાર્યશૈલી આગેવાની હેઠળ નીતિવિષયક બાબતો અંગે થઈ રહેલ સુધાર પ્રક્રિયાના ભાગરૂપે સૂચિત જંત્રીમાં સુધારા અંગે તેમજ મોરબીના બાંધકામ ઉદ્યોગને લગતા ગંભીર પ્રશ્નોને ધ્યાને લઈને ઉપરોક્ત કરવામાં આવેલ માંગણીઓને સ્વીકારી, પ્રજાલક્ષી નિર્ણય થકી રાજ્યની પ્રજા અને રીયલ એસ્ટેટ ઉદ્યોગને રાહત મળશે તેમ આવેદનમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબીમાં બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના અંતર્ગત પોલીસ વિભાગ દ્વારા કાર્યક્રમ યોજાયો

## વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતી દીકરીઓને પ્રોત્સાહિત કરવામાં આવી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં ગઈકાલે ૧૦ ડિસેમ્બરના રોજ પોલીસ વિભાગ સહિત વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતી દીકરીઓને માર્ગદર્શન આપવાના હેતુથી જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ ખાતે મિશન ખાખી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય વડે કરાઈ હતી. ત્યારબાદ શાબ્દિક પ્રવચન સાથે મંચસ્થ મહેમાનોને પુષ્પગુચ્છ અર્પણ કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકારના માર્ગદર્શન અનુસાર મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા રાજ્યમાં પબેટી બચાઓ, બેટી પઢાઓથ યોજના અમલમાં મૂકવામાં આવી છે. જેમાં રાજ્યની દીકરીઓ તથા મહિલાઓ સામાજિક, આર્થિક, માનસિક બને શારીરિક રીતે સંપન્ન અને તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે સરકાર દ્વારા વિવિધ આયોજન હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત જીલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, મોરબી અને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના હેઠળ દીકરીઓ પોલીસ કોન્સ્ટેબલ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર, આઈ.એ.એસ.,આઈ.પી.એસ. તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરે છે. તેઓ માટે નમિશન ખાખીથ અન્વયે આજરોજ માર્ગદર્શક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દીકરીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે માહિતી આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ ઉપરાંત મહિલા અને બાળ કલ્યાણલક્ષી વિવિધ



યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. ઉક્ત કાર્યક્રમમાં જીલ્લા મહિલા અને બાળ અધિકારી જલ્પાબેન ત્રિવેદી, પોલીસ ઈન્સ્પેક્ટર એન.એ.વસાવા, પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ.ચૌહાણ, મેડિકલ કોલેજના ડીન બિશ્વાસ, જીલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી અને મેડિકલ કોલેજના સ્ટાફ ગણ તેમજ બહોળી સંખ્યામાં લાભાર્થીઓ હાજર રહ્યા હતા.

# બિલાડી ખોવાઈ જવા મુદ્દે રીક્ષા ચાલક સાથે માથાકૂટ કરી સ્પામાં કામ કરતી ત્રણ યુવતિએ કરી ધમાલ



## લોકોના ટોળા ઉમટ્યા, પોલીસ ઘટના સ્થળે દોડી, સમાધાન થતા મામલો થાળે પડયો

મોરબીમાં સ્પામાં કામ કરતી ત્રણ યુવતીઓએ ગત મોડી રાત્રીએ રોડ ઉપર એક રિક્ષામાં તોડફોડ કરી ધમાલ મચાવી હતી. જો કે બાદમાં સમાધાન થઈ જતા આ મામલો થાળે પડયો હતો. મોરબીમાં સ્પામાં કામ કરતી ત્રણ યુવતિઓને ગઈકાલે મોડી રાત્રે અમદાવાદ બાજુ જવાનું હોય, તેઓ રિક્ષામાં બેસી નિર્ધારિત જગ્યાએ જઈ રહ્યા હતા. આ વેળાએ મહેશ હોટેલ પાસે યુવતીની બિલાડી ખોવાઈ જવા મુદ્દે રીક્ષા ચાલક સાથે માથાકૂટ થઈ હતી. જેમાં યુવતીઓએ રિક્ષામાં તોડફોડ પણ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. આ માથાકૂટને પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા. બીજી તરફ પોલીસ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી. બાદમાં સ્પા સંચાલક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તેઓએ સમજાવટ કરાવતા મામલો થાળે પડયો હતો અને પોલીસ ફરિયાદ નોંધાઈ ન હતી.

# જામનગર મહાનગરપાલિકાના એસ.એસ.આઈ. અને મુકાદમ ને લાંચ લેતા એ.સી.બી. ઝડપી પાડ્યા

- જામનગર મનપાના કાયમી સફાઈ કામદારને હેરાનગતિ ન કરવા ૨૨૫૦૦ લીધા





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મહાનગરપાલિકાના એસ.એસ.આઈ.અને મુકાદમ ને લાંચ લેતા એસીબી.ઝડપી પાડ્યા. ત્યારે મહાનગરપાલિકાના કાયમી સફાઈ કામદાર હોય તેની નોકરીમાં સરળતા કરી આપવા અને હેરાનગતિ નહીં કરવા બાબતે લાંચ માગવામાં આવી હતી. જેમાં જામનગર મહાનગરપાલિકાના એસ.એસ.આઈ. પ્રકાશચંદ્ર મોતીલાલ મકવાણા અને હવે જી સફાઈ કામદાર રવજી મગનભાઈ પરમાર દ્વારા લાંચ ની માંગણી કરવામાં આવી હતી અને રૂપિયા ૨૨૫૦૦ ની લાંચ સ્વીકારતા એસીબી.એ દબોચી લીધા છે.જ્યારે મહાનગરપાલિકાના કાયમી સફાઈ કર્મચારી હોય તેની નોકરીમાં સરળતા કરી આપવા અને હેરાનગતિ નહીં કરવા. અવેજ પેટે આ કામના આરોપી રવજી પરમારે આ કામના આરોપી એટલે કે પ્રકાશ મકવાણાને કુલ રૂપિયા ૨૨,૫૦૦ ની રકમ આપવા જણાવેલું છે તેમ કહીને લાઇનની માંગણી કરી હતી, ત્યારે આજરોજ એસીબી દ્વારા સાંજના સમયે વોર્ડ નંબર ૯ની ઓફિસ છે, ક્રિકેટ બંગલા પાસે આવેલ છે.જે લાંચની રકમ આપી દેવા જણાવેલું હતું કે લાંચ કે રકમ આ ફરિયાદી આપવા માંગતા ન હોય તેમણે જામનગર એસીબી પોલીસ સ્ટેશન સંપર્ક સાધી ફરિયાદ કરી હતી. જયારે ફરિયાદના આધારે આજરોજ એસીબી દ્વારા લાગતું છટકું ગોઠવવામાં આવ્યું હતું અને લાંચના છટકાંમાં જામનગર મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ શાખાના એસ.એસ.આઈ.અને મુકાદમ એસીબી.હાથે ૨૨,૫૦૦ની લાંચ લેતા ઝડપાયા હતા.

# જામનગરના બે મકાનમાં તસ્કર ત્રાટકયા, રૂા.૧.૨૩ લાખની ચોરી

જામનગરની ભાગોળે માધવબાગ દ્વારકેશ-૪ની પાછળ ઓમ રેસીડન્સીમાં બે રહેણાંક મકાનને નિશાન બનાવી ત્રાટેકલા તસ્કર અંદરથી રોકડ,સોના અને ચાંદીના દાગીના, આઇફોન વગેરે મળી રૂા. ૧.૨૩ લાખની માલમતા ચોરી કરી લઇ ગયાના બનાવ બહાર આવ્યા છે.પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધી હાથફેરો કરી માતબર માલમતા ઉસેડી જનારા નિશાચરોને સકંજામાં લેવા કવાયત હાથ ધરી છે.પોલીસસુત્રોમાંથી મળતી વિગત અનુસાર શહેરની ભાગોળે માધવબાગ દ્વારકેશ-૪ની પાછળ આકાશ પબ્લીક સ્કુલની બાજુમાં ઓમ રેસીડન્સીમાં રહેતા સંજયભાઇ રામભાઇ પરમાર નામના કડીયાકામ કરતા આસામીના રહેણાંક મકાનના દરવાજાનો નકૂચો તોડી અંદર પ્રવેશેલા કોઇ તસ્કરો રૂા. ૭૦ હજારની રોકડ ઉપરાંત ચાંદીના જુદા જુદા દાગીના,સોનાની બે વીટી, ઓમકાર સહિત રૂા. ૮૮,૨૦૦ની માલમતા ચોરી કરી લઇ ગયાનો બનાવ બહાર આવ્યો છે.જયારે બાજુમાં રહેતા નિકુંજભાઈ વ્રજકાંત ચંદારાણા નામના અસામીના મકાનમાં દરવાજાનો નકૂચો તોડી અંદર ધુસેલા તસ્કર રૂા. સાડા સાત હજારની રોકડ ઉપરાંત આઇફોન, ઘડીયાળ, આધાર-પાન કાર્ડ વગેરે મળી રૂા. ૩૫ હજારથી વધુની માલમતા ચોરી કરી લઇ ગયાનો બનાવ સામે આવ્યો છે.ગત તા.૭ના મોડીસાંજથી તા.૮ના સવાર સુધીમાં ઉકત ચોરીન અંજામ આપ્યો હોવાનુ જાહેર થયુ છે.આ મામલે સંજયભાઇની ફરીયાદ પરથી સીટી સી પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે. શહેરમાં ઠંડીના પગરવ સાથે જ ભાગોળે આવેલી સોસાયટીમાં જુદા જુદા રહેણાંક મકાનને નિશાન બનાવીને ત્રાટકેલા તસ્કરો ગણતરીની કલાકોમાં જ માતબર રોકડ ઉપરાંત સોના, ચાંદીના દાગીના સહિતનો દલ્લો ઉઠાવી ગયાનું ખૂલ્યું છે. જે તસ્કરોને સકંજામાં લેવા પોલીસે કવાયત હાથ ધરી છે.

# વિંછીયાના દારૂના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને મહારાષ્ટ્રમાંથી ઝડપી લેતી રૂરલ એલસીબી


રાજકોટ ગ્રામ્ય જીલ્લાના નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડે નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય જે અનુસંધાને એલ.સી.બી.શાખા ના પો. ઈન્સ. વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ સ્ટાફ તપાસમાં હતા તે દરમ્યાન એલ.સી.બી.શાખાના પો. કોન્સ. અબ્બાસભાઈ ભારમલને હકીકત મળેલ કે વિંછીયા પો. સ્ટે.ને પ્રોહી કલમ- ૬૫ (એ.ઈ.) ૧૧૬ (બી) ૯૮ (૨) ૮૧ મુજબના કામેનો નાસતો ફરતો આરોપી અલ્તાફ સ/ ઓ રાજેશ સમા રહે. વાથર તા. કરાડ જી. સતારા રાજય મહારાષ્ટ્ર વાળો મહારાષ્ટ્ર રાજયના કરાડ ખાતે હોવાની હકીકત આધારે મહારાષ્ટ્ર ખાતે તપાસ કરતા મજકુર નાસતો ફરતો આરોપી મળી આવતા મજકુરને મહારાષ્ટ્ર રાજયના કરાડ ખાતેથી હસ્તગત કરી આગળની કાર્યવાહી માટે વિંછીયા પો. સ્ટ. ખાતે સોપેલ છે.આ કાર્યવાહીમાં રૂરલ એલસીબીની પો. સબ.ઈન્સ. એચ.સી.ગોહીલ પો. સબ. ઈન્સ. પી.કે.રાવત (ધોરાજી સીટી પો. સ્ટે.) એ.એસ.આઈ. બાલકૃષ્ણભાઈ ત્રિવેદી એ.એસ.આઈ. અમિતસિંહ જાડેજા એ એસ.આઈ રોહિતભાઈ બકોત્રા પો. હેડ. કોન્સ જીતેન્દ્રભાઈ ગોહિલ પો. હેડ. કોન્સ. મથુરભાઈ વાસાણી પો. કોન્સ. અબ્બાસભાઈ ભારમલ પો. કોન્સ. ભોજાભાઈ ત્રમટા પો. કોન્સ. પ્રકાશભાઈ પરમાર તથા ડ્રાફ પો. કોન્સ. અબ્દુલભાઈ શેખ જોડાયા હતા.

# ગોંડલમાં કુતરાઓનો આતંક:બે દિવસમાં ૫૭ વ્યક્તિઓ ભોગ બન્યા

ગુન્હાખોરી માટે ગોંડલ પહેલાથી બદનામ છે.હવે શેરી ગલી કે રાજમાર્ગોપર રખડતા કુતરાઓ આતંક મચાવી રહ્યા હોય ગોંડલ ચર્ચા માં છે.છેલ્લા બે દિવસ માં ૫૭ લોકોને કુતરાઓ કરડી ગયાની ઘટનાઓ બનીછે.બાજી બાજુ સરકારી હોસ્પિટલ માં હડકવાની રસી નો સ્ટોક ખલાસ હોય ભોગ બનનાર ને રાજકોટ રીફર કરાઈ રહ્યાછે.નગરપાલિકા તંત્ર આતંકી બનેલા કુતરાઓ ને જબ્બે કરી લોકોને સલામત બનાવે તેવી માંગ ઉઠવા પામીછે.પ્રાપ્ત વિગત મુજબ છેલ્લા બે દિવસ થી શહેર માં રસ્તે જતા રાહદારીઓ કે શેરી ગલીઓ માં રમતા બાળકો પર આતંકીઓની માફક કુતરાઓ ત્રાટકી બચકા ભરી લેતા હોય લોકો ભયભીત બન્યાં છે. છેલ્લા બે દિવસ માં ૫૭ લોકો ભોગ બન્યા છે.આજે સાંજે બેથી અઢી વર્ષ નાં બાળક ને કુતરાઓ શરીર પર બચકા ભરી લોહીલુહાણ કરી મુકતા તાકીદે હોસ્પિટલ ખસેડાયા હતા.શહેર નાં આશાપુરા સોસાયટી, અક્ષરધામ સોસાયટી, જીનપ્લોટ વિસ્તાર સહિત કુતરાઓ એ રીતસર નો આતંક મચાવ્યો હોય અનેક લોકો ભોગ બન્યા હતા.રાજમાર્ગોપર કે શેરીગલીઓ પર પસાર થતા રાહદારીઓ તથા બાઈક ચાલકો પાછળ કુતરાઓ દોડી બચકા ભરી લેતા હોય તેવી ઘટનાઓ બની રહીછે. સરકારી હોસ્પિટલ માં એન્ટી રેબીસ ઈન્જેક્શન નો ચાર માસ થી ખલાસ હોય હડકાયા કુતરાનો ભોગ બનેલા દર્દી ને હોસ્પિટલ તંત્ર દ્વારા રાજકોટ ધકેલી દેવાય છે. આ અંગે શિવમ સાર્વજનિક ટ્રસ્ટ નાં દિનેશભાઈ માધડે આરોગ્યમંત્રી તથા આરડીડી વિભાગ ને તાકીદે ટેલીફોનિક રજુઆત કરી ઈન્જેક્શન નો સ્ટોક મોકલવા જણાવ્યું હતુ. લોકો ગુનાખોરીનો ભોગ બનેતો પોલીસ ને જાણ કરતાં હોય છે. પણ બેફામ બનેલા કુતરાઓ નાં ત્રાસ અંગે કોને કહેવું? તેવા સવાલ સાથે નગરપાલિકા તંત્ર બેફામ બનેલા કુતરાઓ ને પકડવા પગલા ભરે તેવી લોકમાંગ પ્રબળ બનીછે.વરસો પહેલા નગરપાલિકા પાસે પાંજરા સહિત ની સુવિધા હતી. પણ હાલ કુતરાઓ ને નાથવાનો કોઈ ઉકેલ નથી.માત્ર બે દિવસ નો આંકડો સતાવને પંહોચ્યો છે.અને રોજબરોજ કુતરા કરડવાના કેસ બની રહ્યા હોય આંકડો ક્યાં પંહોચશે તેવા સવાલો ઉઠી રહ્યાછે.

# જામનગરમાં વાહનોમાંથી બેટરી ચોરી કરનાર શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર સ્થાનિક ગુના શોધક શાખાએ શહેરના જુદા જુદા વિસ્તારમાં પાર્ક કરાયો ખાનગી વાહનોમાંથી બેટરીની ચોરી આચરનાર રાજકોટના કુખ્યાત શખસને પકડી પાડી જુદી જુદી દશ બેટરી ઉપરાંત ઈકો કાર અને મોબાઈલ સહિત રૂા. ૨.૦૫ લાખનો મુદામાલ કબજે કર્યો હતો.શહેરની જુદી જુદી બે ઉપરાંત રાજકોટની ત્રણ બેટરી ચોરીની આ શખસે પોલીસને કબુલાત આપી હતી.પોલીસસુત્રોમાંથી મળતી વિગત અનુસાર જામનગરમાં સ્થાનિક ગુના શોધક શાખાના પીઆઈ વી.એમ. લગારીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટુકડી પેટ્રોલિંગ કરી રહી હતી જે વેળાએ સ્ટાફના દિલીપભાઈ તલાવડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા અને કાસમભાઈ બ્લોચ સહિતની ટીમને શહેરના દિગ્જામ સર્કલ નજીક અંધાશ્રમ પુલની નીચેના ભાગે એક શંકાસ્પદ શખસ ઈકો કાર સાથે હોવાની માહિતી મળી હતી. જેના આધારે પોલીસ ટુકડીએ ત્વરીત ધસી જઈ મહેબુબ અલાઉદીન કરે. કોઠારીયા સોલવન્ટ, બરકતનગર શેરી નં. ૧૩, સુંદરમ સ્કુલની બાજુમા, રાજકોટ, મુળ તિથવા, વાંકાનેર)ને સકંજામાં લીધો હતો.પોલીસે તેના કબજામાંથી જુદી જુદી કંપનીની ચોરાઉ દશ બેટરી ઉપરાંત એક મોબાઈલ અને ઈકો કાર સહિત રૂા. ૨.૦૫ લાખનો મુદામાલ કબજે કર્યો હતો.આ બેટરીઓ ચોરાઉ હોવાનુ પોલીસ પુછપરછમાં ખુલ્યુ હતુ. પકડાયેલા શખસની પુછપરછમાં જામનગરના જુદા જુદા બે વિસ્તાર તેમજ રાજકોટમાં છેલ્લા છથી આઠ માસના સમયગાળામાં સહકાર મેઈન રોડ, ગોંડલ રીંગ રોડ, મોરબી હાઈવે મીતાણા ચોકડી પાસે જુદા જુદા ટ્રક, ટ્રેકટર અને ટ્રેઈલરમાંથી પણ બેટરીની ચોરી આચર્યાની કેફિયત આપી હતી.ઉકત શખસનો કબજો સીટી સી પોલીસે સંભાળી પુછપરછ સાથે વધુ તપાસ હાથ ધરી છે.જામનગર પોલીસે પકડી પાડેલા શખસ સામે અગાઉ ટંકારા, બેડી મરીન, ગોંડલ તાલુકા, વઢવાણ અને જોરાવરનગર ઉપરાંત કાલાવડ પોલીસ મથક ખાતે જુદા જુદા ત્રણ સહિત કુલ આઠ ગુના નોંધાયા હોવાનુ પોલીસસુત્રોએ જણાવ્યુ હતુ. જેમાં મોટા ભાગના ગુના ચોરી સંબંધિત હોવાનુ જાહેર થયુ છે.

# મોરબી જિલ્લાના પોલીસ બેડામાં ધરમૂળથી ફેરફાર, ૨૦૮ પોલીસકર્મીઓની બદલી

- એસએમસીના દરોડા બાદ બદલીનો મોટો ઘાણવો કાઢતા એસપી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જિલ્લામાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે સપાટો બોલાવ્યા બાદ તેની સીધી જ અસર તળે જિલ્લા પોલીસ વડાએ પીએસઆઈ અને હેડ કોન્સ્ટેબલ સહિતના પોલીસ કર્મચારીઓની બદલી કરી નાખ્યા બાદ ગઈકાલે વધુ ૨૦૮ પોલીસમેનની બદલી કરી મહત્વની બ્રાન્ચ અને પોલીસ મથકોમાં ધરમૂળથી ફેરફાર કરી નાખ્યો હતો.

મોરબીમાં સ્ટેટ મોનીટરિંગ સેલ દ્વારા લજાઈ પાસેના હાઈપ્રોફાઈલ જુગારધામમાં ગેરરીતિની તપાસ કર્યા બાદ બે સ્થળોએ દરોડા પાડી મસમોટું કોલસા ચોરીનું કૌભાંડ અને દારૂનો જથ્થો પકડી પાડતા સ્થાનિક પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉઠયા હતા તેવામાં જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠીએ અગાઉ બે દિવસ પૂર્વે જ ૭ પીએસઆઈ અને ૧૮ પોલીસ કર્મચારીઓની બદલી હુકમ કર્યા બાદ ગઈકાલે સાંજે ફરી ૨૦૮ પોલીસ કર્મચારીઓની બદલીના ઓર્ડર કરી તમામ પોલીસ મથકોમાં સાફસૂફી કરી નાખી મહત્વની એલસીબી અને એસઓજી ટીમમાં પણ બદલીના હુકમ કર્યા હતા. મોરબી જિલ્લા પોલીસ વડાએ કરેલા બદલી હુકમમાં સીટી એ ડિવિઝન પોલીસ મથકમાંથી ૩૭, બી ડિવિઝનમાંથી ૧૯, વાંકાનેર સિટીમાંથી ૨૩, વાંકાનેર તાલુકામાંથી ૨૦, ટંકારામાંથી ૧૮, મોરબી તાલુકામાંથી ૨૪, માળિયામાંથી ૨૦ અને હળવદમાંથી ૧૯ જેટલા કર્મચારીઓની બદલી કરવામાં આવી છે.આ બદલીના કારણે જિલ્લાભરના પોલીસ મથકોમાં મોટાપાયે ફેરફાર થવાની સાથે વર્ષોથી એક જ જગ્યાએ નોકરી કરતા કર્મચારીઓને અલગ અલગ પોલીસ મથકમાં નોકરી કરવાની ફરજ પડી છે.

# મહાનગરપાલીકાની સ્ટેન્ડીંગ કમીટીની ઔપચારીક બેઠક મળી

## તબીબી સહાયની પાંચ સહિત ૯ દરખાસ્તો મંજૂર કરાઈ : નવા કમિશનરે ચાર્જ સંભાળતા જ ફરી વિકાસ કામો વેગવંતા બન્યા





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મહાનગરપલિકાની સ્ટેન્ડીંગ કમિટિની બેઠક આજે મળી હતી . પરંતુ કમિશનર વિભાગ દ્વારા નિયમ મુજબ એક સાથે કર્મચારીઓને અલગ અલગ તબીબી સહાય અંગેની દરખાસ્તો રજૂ કરવાનો નિયમ જાળવી રાખ્યો હોય તેમ એક સાથે પાંચ દરખાસ્ત તબીબી સહાયની અને એક ફાયર બ્રિડની કામગીરીનો રિપોર્ટ અને જુદી જુદી વોર્ડ કમીટીના ઠરાવો સહિતની ૯ દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. મનપાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં આજે ૯ દરખાસ્ત રજૂ થઈ હતી જેમાં ધી જી.પી.એમ.સી.એકટ-૧૯૪૯ની કલમ-૨૮૯ અન્વયે ફાયર બ્રિગેડની અઠવાડિક કામગીરીના રિપોર્ટ જાણમાં લેવા બાબત, ધી જી.પી.એમ.સી.એકટ-૧૯૪૯ની કલમ-૨૯(ક) હેઠળની જુદી જુદી વોર્ડ કમિટીના ઠરાવો જાણમાં લેવા બાબત, તા.૧૯ નવેમ્બરના રોજ મેયર એવોર્ડ એનાયત કાર્યક્રમનું ચૂકવવાનો બાકી ખર્ચ રૂપિયા ૧૬,૨૦૦ મંજુર કરાયું હતો , તથા કર્મચારી અને પરીવારજનોની સારવારના ખર્ચ પેટે ખાસ કિસ્સામાં આર્થિક તબીબી સહાય રૂપિયા ૭,૮૧,૧૪૪ ની મંજુર કરાઈ હતી મ્યુનિસિપલ સેક્રેટરી ડો. એચ.પી. રૂપારેલીઆની તા.૧૬ ડીસેમ્બરથી તા.૨૭ ડીસેમ્બર સુધીની દિન-૧૨ ની પ્રાપ્ત રજા મંજુર કરવા સહિતની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, નવનિયુકત કમિશ્નર તુષાર સુમેરાએ સોમવારે ચાર્જ સંભાળ્યો છે. ત્યારે હવે નવા કમિશ્નર નવી દરખાસ્તો આગામી સ્ટેન્ડીંગમાં મોકલે એટલે વિકાસ કામો આગળ ધપશે.

# રેકોર્ડબ્રેક ૯.૭ ડિગ્રી જેવી કાતિલ ઠંડીમા વહેલી સવારમા સ્કૂલે જતા વિધાર્થીઓ હેરાન-પરેશાન

## થીજવી નાખે તેવી ઠંડીમા બાળકોના સ્વાસ્થ્યને ધ્યાને લઈ સ્કૂલોનો સમય સવારે ૯ કલાક કરવામા આવે ; રોહિતસિંહ રાજપુત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યમા શિયાળાની શરૂઆત બાદ છેલ્લા ચાર-પાંચ દિવસથી કડકડતી ઠંડીનુ જોર ખુબ વધ્યું છે આજે જ રાજકોટનુ ૯.૭ ડિગ્રી જેટલું રેકોર્ડબ્રેક લઘુતમ તાપમાન રહ્યુ છે.ત્યારે જે શાળાઓ સવારની પાળીમા શૈક્ષણિક કાર્ય ચલાવે છે જેમનો શરૂ થવાનો સમય વહેલી સવારે સાત વાગ્યાનો હોય છે એટલે કે વાલીને વિદ્યાર્થીને છ વાગ્યાથી જગાડીને તૈયાર (ન્હાવડાવવુ,નાસ્તો)કરીને સમયસર સ્કૂલ પર પહોચડાવવાના થતા હોય છે.હાલના સમયમા કાતિલ ઠંડી જે રીતે પડી રહી છે તેમા કોઈ નવયુવાન કે પીઢ વ્યક્તિને સહન કરી શકતો નથી તેવી છે તો નાના ભૂલકાઓ માટે વહેલી સવારે આ કડકડતી ઠંડી કેમ સહ્યન કરતા હશે તે બાળકોના સ્વાસ્થ્ય માટે ચિંતાનો વિષય છે.ઠંડીનુ જોર વધતા વહેલી સવારે શાળાએ જતાં ભૂલકાઓ ધ્રૂજતા અને થરથરતા વર્ગખંડમાં પહોંચે છે,વિદ્યાર્થીઓએ ગરમવસ્ત્રો પેહરવા છતા પણ ઠંડીથી પુરૂ રક્ષણ મળતુ નથી તેવી કાતિલ ઠંડી હાલના તબ્બકે પડી રહી છે ત્યારે કોંગ્રેસના વિદ્યાર્થીનેતા અને ઝોનલ પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતે જિલ્લા શિક્ષણ અધિકારીને રજૂઆત કરતા જણાવ્યુ હતુ કે વિદ્યાર્થીઓ અને વાલીઓની અમોને અનેક રજૂઆતો મળી છે કે સ્કૂલોના સમયમા ફેરફાર કરવાની રજૂઆત કરવી જોઈએ. ત્યારે તેઓએ તેઓની જિલ્લા શિક્ષણ અધિકારીને રજૂઆતમા વધુ જણાવ્યુ હતુ કે આપશ્રીને વિદ્યાર્થીઓના વાલી વતી વિનંતી છે કે બાળકોના સ્વાસ્થ્યને ધ્યાને લઈ સવારની પાળીઓમા ચાલતી સ્કૂલોનો શૈક્ષણિક કાર્ય શરૂ થવાનો સમય ઠંડીના ૪૦-૪૫ દિવસ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

સુધી સવારે બે કલાક મોડો કરવાનો પરિપત્ર કરવો જોઈએ જેથી બાળકોને આ રેકોર્ડબ્રેક થીજવતી ઠંડીમા મોટી રાહત થાય.

ઉત્તરીય ઠંડા પવનોને પગલે હાડ ગાળી નાખતી ઠંડી પડતા લોકોને સીઝનની રેકોર્ડબ્રેક ઠંડીનો અનુભવ થયો છે.ગુજરાતમાં કાતિલ ઠંડીનું જોર સતત પાંચમાં દિવસે યથાવત્ રહ્યું છે ત્યારે લઘુતમ તાપમાનનો પારો ૫-૬ ડિગ્રી જેટલો પણ નોંધવાની શકયતાઓ છે. આજે રાજકોટની જ વાત કરવામા આવે તો ઠંડીનો પારો ગગડીને રેકોર્ડબ્રેક ૯.૭ ડિગ્રી(લઘુતમ) સુધી પહોંચ્યો છે,જેના કારણે ઘણા વાલીઓ બાળકો ઠંડીમા બીમાર ન પડે એ બીકથી શાળાએ મોકલવાનું ટાળી રહ્યા છે.

# રાજકોટ રેલ્વે ડિવિઝન દ્વારા પેન્શનરો માટે ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ ઝુંબેશ શરૂ કરવામાં આવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ રેલ્વે ડિવિઝન દ્વારા પેન્શનરો/ફેમિલી પેન્શનરો માટે સ્પેશિયલ ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (ઉકઈ) ઝુંબેશ ૩.૦ તાજેતરમાં શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશને વિવિધ પ્લેટફોર્મ્સ, પેન્શનર્સ એસોસિએશનો અને સોશિયલ મીડિયા પર પ્રચાર કરવામાં આવી રહ્યો છે જેથી પેન્શનરોને તેમના જીવન પ્રમાણપત્રને ડિજિટલ રીતે સબમિટ કરવાની સુવિધા અને લાભ મળે. પેન્શનરો માટે, પેન્શન લાભો મેળવવા માટે બેંકોમાં જીવન પ્રમાણપત્ર જેવા મહત્વપૂર્ણ દસ્તાવેજો સબમિટ કરવા જરૂરી છે. પેપરવર્ક કેટલીકવાર વૃદ્ધો માટે શારીરિક રીતે બેંક સુધી પહોંચવા માટે કંટાળાજનક અને ચિંતાજનક પ્રક્રિયા બની શકે છે. પ્રક્રિયાને સરળ બનાવવા માટે, પશ્ચિમ રેલ્વેએ ખાસ ઉકઈ ઝુંબેશ શરૂ કરી, પેન્શનધારકોને તેમના ઘરની આરામથી, નિયત તારીખ પહેલાં તેમનું જીવન પ્રમાણપત્ર સબમિટ કરવાના મહત્વ વિશે સંવેદનશીલ બનાવ્યું. રાજકોટ ડિવિઝનમાં પર્સનલ વિભાગના સંકલનમાં એકાઉન્ટ વિભાગના કર્મચારીઓ દ્વારા નવેમ્બર મહિનામાં પૂર્ણ સમયની ડીએલસી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. સ્થળની આસપાસ અનેક શિબિરો ગોઠવવામાં આવી હતી અને બેંકોમાં સુવિધા કેન્દ્રો સ્થાપવામાં આવ્યા હતા, જે પેન્શનરો/કૌટુંબિક પેન્શનરો માટે તેમના જીવન પ્રમાણપત્રો ડિજિટલ રીતે સબમિટ કરવાનું સરળ અને સરળ બનાવે છે. આ એકમો દ્વારા વિવિધ કાર્યક્રમો જેવા કે સેમિનાર, બેંકોના શાખા સંચાલકો સાથે વિડીયો કોન્ફરન્સીંગ અને બેંકોમાં સુવિધા કાઉન્ટરોની સ્થાપના કરવામાં આવી હતી. રાજકોટ ડિવિઝનમાં વિવિધ સ્થળો અને સ્ટેશનો પર અનેક



શિબિરો, સેમિનાર અને બેંકોમાં સુવિધા કાઉન્ટરોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરોમાં મોટી સંખ્યામાં પેન્શનરોએ ભાગ લીધો હતો અને લગભગ ૪૦ પેન્શનરોએ તેમના જીવન પ્રમાણપત્રો ડિજિટલ રીતે સબમિટ કર્યા હતા. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય પેન્શનરોમાં નિયત તારીખ પહેલાં જીવન પ્રમાણપત્ર સબમિટ કરવાના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો હતો. વ્યાપક પ્રચાર દ્વારા, ઘણા પેન્શનરોએ બેંકની મુલાકાત લીધા વિના તેમના અક્ષમજ્ઞિશમ ઉપકરણ દ્વારા તેમના ઘરેથી આરામથી ઉકઈ જમા કરાવ્યા છે અને અન્ય પેન્શનરો સાથે ઠવફતિંઆા દ્વારા પ્રક્રિયા અને લાભો પણ શેર કર્યા છે. ગડજ (નેશનલ પેન્શન સ્કીમ) ના ફેમિલી પેન્શનરોને પણ આ અભિયાનમાં સામેલ કરવામાં આવ્યા હતા.

# આજી વસાહતના કારખાનામાં ૧૫ લાખની ચોરી કરનાર ડ્રાઈવર સહિત બે ઝડપાયા

## આજી જીઆઈડીસીના કારખાનામાં થયેલ ચોરીનો ભેદ ઉકેલાયોઃ યુપી, મુંબઈ સહિતના સ્થળે ફરી રૂપિયા ઉડાવી દીધાની તસ્કરની કબુલાત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

નીર્મલા કોન્વેન્ટ રોડ પર રહેતા અને ૮૦ ફુટ રોડ પાસે આવેલ આજી જીઆઈડીસીમાં કારખાનું ધરાવતા યુવાને થોરાળા પોલીસમાં તેના કારખાનામાંથી રૂ.૧૫ લાખ રોકડા તેનો ડ્રાઈવર તથા તેનો સાગરીત ચોરી ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આજી જીઆઈડીસીમાં રૂષી એકસપોર્ટ પ્રાઈવેટ લીમીટેડ નામે કારખાનું ધરાવતા ધ્રુવ હરીશકુમાર દવેએ થોરાળા પોલીસમાં રૈયા રોડ પરની સોમનાથ સોસાયટીમાં રહેતા નથુ ઉર્ફે કાનો ભીમાભાઈ ભરવાડ અને તેની સાથેના અજાણ્યા શખસ સામે ફરિયાદ નોંધાવી હતી.

જેમા ગત.તા.૨૨/૧૦ના બન્ને પિતા-પુત્ર ઘરમાં પૈસાની જરૂરીયાત ઉભી થતા તેઓના પિતાએ કારખાનામાં રહેલ લોખંડના કબાટમાં રાખેલ રૂ.૧૫ લાખ લેવા ગયા હતા અને કબાટ ખોલતા પૈસા જોવા મળેલ નહીં જેથી તેઓના પિતાએ તેને કહ્યું કે જયારે કબાટમાં પૈસા રાખ્યા ત્યારે ડ્રાઈવર નથુ હાજર હતો જેથી તેની સાથે વાત કરવાનું કહ્યું હતું અને કારખાનામાં સીકયુરીટી તરીકે નોકરી કરતા કેશુભાઈને પુછતા તેને કહ્યુ કે ચાર દિવસ પુર્વે નથુ તેના મિત્ર સાથે રીક્ષા લઈને આવ્યો હતો અને કહ્યુ કે શેઠે અમોને એક પાર્સલ લેવાનું કહ્યુ છે તેમ કહી કારખાનામાં ગયા અને થોડી વારમાં રીક્ષા લઈ નીકળી ગયા હતા બાદમાં શખસના ઘરે જઈ તપાસ કરતા તે બહારગામ ગયો હોવાનું તેના



પરીવારજનોએ જાણાવ્યું હતું પરંતુ આજદીન સુધી પૈસા પરત ન આપતા ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ચોર કરી નાશી છુટેલ બેલડીને પીએસઆઈ મોહન મહેશ્વરી અને ટીમે બાતમી આધારે ઝડપી લઈ પુછપરછ કરતા ઝડપાયેલ ડ્રાઈવર નથુ ઉર્ફે કાનો ભરવાડ અને તેનો સાગરીત કરણ બન્ને શખસોએ મોજ શોખ પુરા કરવા ચોરી કરી હતી

# દુનિયાભરમાં આજથી તા. ૧૬ ડિસેમ્બર સુધી ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો

## અમદાવાદમાં સવારે ૫ કલાકે, રાજકોટમાં સવારે ૬ કલાકે ઉલ્કાવર્ષા અદ્દભુત જોઈ શકાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દુનિયાભરના લોકોએ ઓકટોબર - નવેમ્બરમાં આકાશમાં ઉલ્કાવર્ષાનો અદ્દભૂત આનંદ મેળવ્યો હતો ત્યારે વર્ષ ૨૦૨૪ નો આખરી ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો આજથી તા. ૧૬ મી ડિસેમ્બર સુધી સ્વચ્છ આકાશમાં નરી આંખે જોઈ શકાશે. રાજયના લોકો તા. ૧૩ અને ૧૪ એમ બે દિવસ આકાશમાં ઉલ્કાવર્ષા આહલાદક જોઈ શકશે. રાજયમાં જેમીનીડસ ઉલ્કાવર્ષાનો આનંદ મેળવવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ Es cierto.

જાથા ના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે દુનિયાભરમાં દર વર્ષે ડિસેમ્બર માસમાં તા. ૭ મી થી ૧૬ સુધી જેમીનીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ અદ્દભૂત જોવા મળે છે. દેશ-વિદેશમાં કલાકમાં ૧૦ થી ૫૦ અને વધુમાં વધુ ૧૨૦ (એકસો વીસ) ઉલ્કાવર્ષા દિવાળીની આતશબાજીના દ્રશ્યો જેવી અવકાશમાં જોવા મળે છે. વાસ્તવમાં અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળે છે. આજથી ક્રમશઃ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. તા. ૧૩ અને ૧૪ બે દિવસ દક્ષિણ ગોળાર્ધમાંથી મધ્યરાત્રિ બાદ પરોઢ સુધી સુધી ખૂબ જ સારી રીતે જેમીનીડીસ ઉલ્કાવર્ષા જોવા મળવાની છે. જો કે તા. ૧૩, ૧૪ ના રોજ અમદાવાદમાં સવારે ૫ કલાકે, રાજકોટમાં સવારે ૬ થી ૬-૩૦ કલાકની વચ્ચે સૂર્યોદય પહેલા ઉલ્કાવર્ષા જોવા મળવાની છે. રાજયના લોકો તા. ૧૩ અને ૧૪ ના રોજ મધ્યરાત્રિ બાદથી વહેલી પરોઢ સુધી આહલાદક ઉલ્કાવર્ષા જોઈ શકવાના છે.

વધુમાં પંડયા જણાવે છે કે જેમીનીડસ ઉલ્કાવર્ષાનો વરસાદની મહત્તમ તા. ૧૩ અને ૧૪ બે દિવસ શ્રેષ્ઠ માનવામાં આવે છે. નરી આંખે સ્વચ્છ આકાશમાં સ્પષ્ટ નજારો જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ પહેલા અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે મધ્યરાત્રિ બાદથી વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. ઉતર, પૂર્વ દિશા જોવામાં શ્રેષ્ઠ છે. ચારેય દિશામાં ગમે ત્યારે દિવસે-રાત્રે ઉલ્કાવર્ષા થાય છે. તા. ૧૩ અને ૧૪ બે દિવસ ઉલ્કા જોવાનું ચુકશો નહિ. ખગોળપ્રેમીઓ દરિયાઈ કિનારે તથા પર્વતીય - ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી પડાવ નાખશે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો આકાશમાં જોવા મળશે.



વિશેષમાં જયંત પંડયાએ જણાવ્યું કે જેમીનીડસ ઉલ્કાવર્ષા દુનિયાના અમુક ભાગોમાં રીતસર વરસાદની જેમ પડશે. શરૂઆતમાં રાત્રે દર કલાકે ૫ થી ૧૦ કરતા વધીને ૫૦ થી ૧૨૦ ઉલ્કા ખરતી જોવા મળશે. તેની ઝડપ પ્રતિ સેકન્ડ ૭૦ કિ.મી. ઝડપે વધીને ૧૩૦ કિ.મી. ઝડપે પડશે. મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢે સ્પષ્ટ જોઈ શકાશે. જેમિનિડસ ખૂબ ચળકાટ ધરાવવાની સાથે ઝડપથી ફાયરબોલમાં ફેરવાઈ જાય છે. ઉલ્કાવર્ષા પીળા, લીલા અને વાદળી એમ વિવિધ કલરોમાં જોઈ શકાય છે. જેમિનિડસ ખરતા તારાનું નિર્માણ ૩,૨૦૦ ફાયેથોન તરીકે ઓળખાતા નાના ગ્રહોના ટુકડામાંથી થયું હોય છે. સદીઓ વીતતાં આ નાના ગ્રહો ઉપગ્રહોમાં ફેરવાઈ જાય છે. આ નજારો જોવા મળે તો જીંદગીનો રોમાંચક અનુભવ ગણાશે.

# રાજકોટ સેન્ટ્રલ જેલના બંદીવાન વસંત ચૌહાણે સમગ્ર ભારતમાં તિનકા તિનકા ઈન્ડિયા એવોર્ડમાં પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત કર્યો






**મુખ્ય સમાચાર,રાજકોટ**

તિનકા તિનકા જેલ સુધારણાના સ્થાપક ડો.વર્તિકા નંદાનાઓ દ્વારા બંદિવાનોના કૌશ્યલ ખીલવવા માટે તેમજ જેલ સુધારણા માટે પ્રોત્સાહિત કરવાના શુભ આશયથી ચિત્રકામ, બંદીવાનો દ્વારા જેલમાં મહત્વપુર્ણ યોગદાન તેમજ જેલ અધિકારી/કર્મચારીઓ દ્વારા જેલ સુધારાણામાં સકારાત્મક યોગદાન બદલ તિનકા તિનકા ઈન્ડીયા એવોર્ડનું આયોજન દર વર્ષે કરી સન્માનિત કરવામાં આવે છે. જેમાં ભારતભરની તમામ જેલોના બંદીવાનો તથા જેલના અધિકારી/કર્મચારીઓ દ્વારા ભાગ લેવામાં આવે છે. તિનકા તિનકા ઈન્ડીયા એવોર્ડ- ૨૦૨૪ના ચિત્રકામની થીમ પજેલમાં મુલાકાત હતી. જેમાં રાજકોટ મધ્યસ્થ જેલના કુલ-૧૬ બંદીવાનો તેમજ ૦૩ અધિકારી/કર્મચારીઓ દ્વારા ભાગ લેવામાં આવેલ હતો. જેમાં અત્રેની જેલના બંદીવાન વસંતભાઈ કરશનભાઈ ચૌહાણનાઓ દ્વારા આકૃત કરેલ ચિત્રકામ સમગ્ર ભારતના બંદીવાનોમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી ગુજરાત તેમજ જેલ વિભાગનુ નામ રોશન કરેલ છે. વિજેતા ઉમેદવારોને પુરસ્કૃત કરવા આજ રોજ ઉત્તર પ્રદેશની લખનઉ જીલ્લા જેલ ખાતે કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં ઉતરપ્રદેશના મુખ્ય સચિવ મનોજ કુમાર સિંઘ(IAS) અને ઉત્તર પ્રદેશના ડી.જી.પી(જેલ) પી.વી. રામાશાસ્ત્રીનાઓના વરદ હસ્તે વિજેતા થયેલ બંદીવાને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં રાજકોટ મધ્યસ્થ જેલના બંદીવાનો તેમજ અધિક્ષક રાઘવ જૈન(IPS)નાઓ વિડીયોકોન્ફરસ માધ્યમથી જોડાયેલ હતા. અત્રેની જેલના બંદીવાન વસંતભાઈ કરસનભાઈ ચૌહાણનાઓએ તેઓની ઉત્કૃષ્ટ કલાથી ખુબ જ સુંદર ચિત્ર પ્રકાશીત કરી સમગ્ર ભારતના બંદીવાનોમાં પ્રથમ ક્રમાંક મેળવવા બદલ અધિક્ષક જૈનનાઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવેલ તેમજ ગુજરાતની જેલોના વડા ડો.કે.એલ.એન.રાવ સાહેબનાઓ દ્વારા પણ જેલ અધિક્ષકનાઓને ટેલીફોનિક શુભેચ્છા પાઠવી બંદીવાન વસંતભાઈ ચૌહાણનાઓની ઉત્કૃષ્ટ કામગીરી બીરદાવેલ હતી.

# આજની ઓખા-ભાવનગર એક્સપ્રેસ ઓખાથી ૧ કલાક ૫૦ મિનિટ મોડી ઉપડશે



રાજકોટ ડિવિઝનમાં પીપળી-લાખાબાવળ સેકશનમાં આવેલા લેવલ ક્રોસિંગ ગેટ નંબર ૨૧૪ની જગ્યાએ રોડ અંડર બ્રિજ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. આ અંતર્ગત ગર્ડર લોન્ચ કરવા માટે બ્લોક લેવામાં આવશે, જેના કારણે ૧૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા-ભાવનગર ટર્મિનસ એક્સપ્રેસ ને રીશેડ્યુલ કરવામાં આવી છે. આ ટ્રેન ઓખાથી ૧૧.૧૨.૨૦૨૪ના રોજ તેના નિર્ધારિત સમય ૧૫.૧૫ કલાકના ને બદલે ૧ કલાક અને ૫૦ મિનિટના વિલંબ મોડી એટલે કે ૧૭.૦૫ કલાકે ઉપડશે. રેલ્વે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ અને ટ્રેન ના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# RBI માંથી ૪૮૦૦૦ કરોડ છોડાવવાના નામે ઠગાઈનો પ્લાનઃ રાજકોટના બે શખ્સ ઝડપાયા

## ખંભાળિયાના વચલા બારાનો મૂળ રહીશ ઋતુ સોઢા સહિત બે ઝબ્બેઃ નકલી કાગળો જપ્ત કરતી પોલીસઃ લોકોને ચેતવા અપીલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ખંભાળિયા તાલુકાના વચલા બારા ગામે રહેતા એક શખ્સ દ્વારા પોતાના રૂપિયા ૪૮,૦૦૦ કરોડ રિઝર્વ બેન્કમાં જમા છે, તે છોડાવવા માટે ભરવાના થતા ટેક્સમાં ફંડિંગ બદલ તોતિંગ રકમનું કમિશન આપવાના આયોજનબદ્ધ રીતે આસામીઓ સાથે ઠગાઈ થાય, તે પૂર્વે એસ.ઓ.જી. પોલીસે આ પ્રકરણના બે આરોપીઓને ઝડપી પાડ્યા છે.

આ સમગ્ર પ્રકરણની સિલસિલાબંધ વિગત એવી છે કે ખંભાળિયા તાલુકાના વચલા બારા ગામના મૂળ રહીશ અને હાલ રાજકોટમાં નવા રીંગ રોડ ઉપર અટલ સરોવરની બાજુમાં આવેલા એક એપાર્ટમેન્ટમાં ૨૦૫ નંબરના ફ્લેટમાં રહેતા ઋતુરાજસિંહ ઉર્ફે ઋતુ અજીતસિંહ સોઢા નામના ૨૧ વર્ષના શખ્સ દ્વારા ખંભાળિયા તાલુકાના સલાયા મરીન પોલીસ મથકમાં ચારિત્ર્ય તથા કોઈ ગુનો નોંધાયો ન હોવા બાબતે પોલીસ વેરિફિકેશનના દાખલાનો ઉપયોગ ચોક્કસ કામ માટે કરવામાં આવ્યો હતો. આ વચ્ચે ગઈકાલે મંગળવારે દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓજી. પોલીસ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન ઉપરોક્ત બાબત અંગેની મળેલી માહિતીના આધારે એસ.ઓ.જી.ના જવાનો દ્વારા વધુ માહિતી મેળવતા ઉપરોક્ત શખ્સ દ્વારા આરબીઆઈના ખોટા બનાવેલા દસ્તાવેજોથી પોતાના ખાતામાં રૂપિયા ૪૮ હજાર કરોડ જમા થયા છે તેને છોડાવવા માટે ટેક્સ ભરનારને ચોક્કસ ટકાવારીનો હિસ્સો અપાશે તેવી અલગ અલગ વ્યક્તિઓ સાથે મિટિંગ ગોઠવવામાં આવતી હોવા ઉપરાંત આ મીટીંગ સાથે જે-તે આસામી પાસેથી નાણાં મેળવવા માટેની તજવીજ ચાલતી હતી.

આ પ્રકરણમાં આરોપી ઋતુરાજસિંહ સોઢા અને અન્ય એક આરોપી માધવ કિરણકુમાર પ્રતાપરાય વ્યાસ (ઉ.વ. ૨૪, રહે. નાગેશ્વર રોડ, રાજકોટ) દ્વારા ખંભાળિયામાં કોઈ વ્યક્તિ સાથે મીટીંગ કરવામાં માટે આવ્યા હોવાનું વધુમાં ધ્યાને આવ્યું હતું. આથી એસ.ઓ.જી. પોલીસે વચલા બારા ગામેથી આરોપી ઋતુરાજસિંહ ઉર્ફે ઋતુ અજીતસિંહ સોઢાની અટકાયત કરી લીધી હતી.

આ શખ્સની પૂછતાછમાં તેણે



સિંગાપુર ખાતે ડિપ્લોમા બી.ઈ.નો અભ્યાસ કર્યો છે અને એક આર્ટીકલ બેંગલોરની કંપનીને વેચાણ કરેલ છે. અને તેના કુલ રૂપિયા ૪૮,૦૦૦ કરોડ હાલ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયામાં જમા છે, અને તેને છોડાવવા માટે રૂપિયા ૨,૪૦૦ કરોડનો ટેક્સ ભરવાનો થતો હોય, જેના ફંડિંગ કરી શકે તેવી પાર્ટીઓ સાથે મીટીંગ કરતા આવવાનું તેણે જણાવ્યું હતું.

આ તમામ દસ્તાવેજો જોતા જ પોલીસને દેખીતી રીતે જ ખોટા અને બનાવટી લાગ્યા હતા. આથી પોલીસે ઉપરોક્ત શખ્સની આગવી ઢબે પૂછપરછ કરતા તેના દ્વારા આર્થિક ફાયદો મેળવવા માટે બેંગ્લોરના પ્રભુભાઈ નામના એક શખ્સ પાસેથી આ પ્રકારની બનાવટી ફાઈલ તૈયાર કરાવી હતી. જેમાં આરબીઆઈમાં રૂપિયા ૪૮,૦૦૦ કરોડ બ્લોક હોય, તે અનબ્લોક કરવા માટે રૂપિયા ફંડિંગ કરનારને ૧૫ ટકા આપવાની લાલચ આપીને તે મીટીંગ કરવા માટે બોલાવશે તેવું નક્કી થતું હતું. આ પ્રકરણમાં આરોપીને આજ દિન સુધી કોઈએ રૂપિયા આપ્યા ન હતા. આટલું જ નહીં, આરબીઆઈમાં કે પોતાના બેન્ક એકાઉન્ટમાં કોઈ રકમ જમા ન થઈ હોવાનું પણ વધુમાં જાહેર થયું છે.

# સોનીબજારમાં વેપારીનું રૂા.૯.૦૯ લાખનું સોનું લઈ બંગાળી કારીગર ફરાર

## કાનની બુટી બનાવી આપવા માટે ૧૦૦ ગ્રામ ફાઈન સોનાનું બિસ્કીટ અને એક ચેઈન આપ્યા હતાં

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સોની બજારમાંથી વધુ એક બંગાળી કારીગર વેપારીનું સોનુ લઈ ફરાર થઈ ગયાની ઘટના અંગે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. હાથીખાના વિસ્તારમાં રહેતા અને સોની બજારમાં દુકાન ધરાવનાર મૂળ બંગાળના જ વતની વેપારીએ બંગાળી કારીગરને રૂ.૯.૦૯ લાખનું સોનું આપતા તે ફરાર થઈ જતા એ ડિવિઝન પોલીસે કાર્યવાહી કરી છે.

જાણવા મળતી વિગતો મુજબ, હાથીખાના શેરી નંબર ૬૧૫ માં રહેતા મોહમ્મદ ઈકરામુલ હક્ક(ઉ.વ ૪૯) નામના સોની વેપારીએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે મૂળ પશ્ચિમ બંગાળના વતની અને હાલ રામનાથપરા મેઈન રોડ પર રહેતા હસનઅલી શૈયફલ આલમ શેખનું નામ આપ્યું છે.વેપારીએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓને સોની બજાર માધવ દર્શન કોમ્પલેક્ષમાં જસ્મીન મશીન કટ નામની દુકાન આવેલી છે અહીં તે સોનાના દાગીના બનાવવાનું કામ કરે છે. આરોપી હસન અલીને તેઓ છેલ્લા એકાદ વર્ષથી ઓળખે છે.

દરમિયાન ગત તારીખ ૧૨-૧૦ના તેણે આરોપી હસન અલીને ૧૦૦ ગ્રામ ફાઈન સોનાનું એક બિસ્કીટ અને ૧૮ કેરેટ ૨૯ ગ્રામનો સોનાનો ચેન કાનમાં પહેરવાની બુટ્ટી બનાવવા માટે આપ્યો હતો. જે પાંચ દિવસમાં તૈયાર કરી પરત આપવાની શરતે આ સોનું આપ્યું હતું. બાદમાં પાંચ દિવસ બાદ વેપારીએ આ હસનઅલીને ફોન કરતા તેનો મોબાઈલ સ્વીચ ઓફ આવતો હતો. જેથી તેના ઘરે જઈ તપાસ કરતા મકાનમાલિકે કહ્યુ હતું કે, હસનઅલી ક્યાંક જતો રહ્યો છે બાદમાં તેની શોધખોળ કરી હતી પરંતુ તેનો કોઈ પતો ન લાગતા વેપારીએ બંગાળી કારીગર હસનઅલી ૧૦૦ ગ્રામ ફાઈન સોનાનું બિસ્કીટ જેની કિમત ૭.૪૫ લાખ તથા ૧૮ કેરેટનો ૨૯ ગ્રામ સોનાનો ચેન કિમત ૧.૬૪ લાખ મળી કુલ .૯.૦૯ લાખનું સોનું લઈ ગયા બાદ પરત ન આપી નાસી જતાં એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ આર.જી.બારોટે ગુનો નોંધી શોધખોળ હાથધરી છે.

# ઘરે ઘરે કચરો લેવા ટીપરવાન નહિ આવતા મહિલાઓએ રસ્તા પર કચરો ઠાલવી વિરોધ કર્યો

## વોર્ડ નં.૧૨ના બાપા સિતારામ ચોક આસપાસની અડધો ડઝન સોસાયટીમાં કાયમી ધાંધિયાઃ વારંવાર ફરિયાદો કરી હોવા છતા અધિકારી કે પદાધિકારીએ ધ્યાન નહિ આપતા આક્રોશ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના નવા વિસ્તાર તરીકે ઝડપથી વિકસેલા મવડીમાં મહાપાલિકાની સેવાઓ અંગે લોકોને અસંતોષ હોય વારંવાર આંદોલનો થતા રહે છે. અગાઉ ગંધાતા પાણી અંગે મોરચો માંડનાર મહિલાઓએ આજે ટીપરવાનની ફરિયાદો દૂર નહિ થતા રસ્તા ઉપર કચરો ફેંકી વિરોધ વ્યકત કર્યો હતો. વોર્ડ નં.૧૨ના મવડી વિસ્તારમાં બાપા સિતારામ ચોક આસપાસની સોસાયટીઓમાં ટીપરવાન નિયમીત રીતે અનિયમીત સેવાઓ આપે છે. જેની ફરિયાદો અધિકારીઓ અને પદાધિકારઓ સમક્ષ કરવામાં આવી છે આમ છતા તે અણઉકેલ રહેતા હિમાલય સોસાયટીની મહિલાઓએ કચરો



ઘરેથી એકત્ર કરી મુખ્યમાર્ગ ઉપર ઠાલવીને ઉગ્ર આક્રોશ વ્યકત કર્યો હતો. એક મહિલાએ જણાવ્યું હતું કે, વારંવાર ટીપરવાન નહિ આવતી હોવાની ફરિયાદ કરી છે પણ કોઈએ ધ્યાન જ આપ્યું નથી. આખરે અમારે નાછુટકે આંદોલન કરીને કચરો ફેકવો પડયો છે.

મનપાની ટીપરવાનની સેવાઓ નિયમીત નહિ થાય તો હવે પછી મહાપાલિકાની કચેરીમાં જઈને કચરો ફેંકીશું. ટીપરવાનનો હવાલો સંભાળતા સોલિડ વેસ્ટ વિભાગના અધિકારીએ કહયું હતું કે, આ વિસ્તારમાં ટીપરવાન નિયમીત જાય તે માટે અમે સૂચના આપી દીધી છે. હવે અમે મોનીટરીંગ પણ કરીશું.

# દમણથી રાજકોટ આવતા રૂા.૭૭ લાખનો દારૂ ઝડપાયો

## સુરતના કામરેજ-કડોદરા હાઈ-વે પરથી સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડી ૭૭ લાખના દારૂસહિત ૧.૨૭ કરોડના મુદ્દામાલ સાથે યુપીના ચાલકની ધરપકડ કરી : દારૂ રાજકોટમાં ગ્રીન લેન્ડ ચોકડી પાસે ડીલેવરી કરવાનો હતોઃ પોલીસે રાજકોટના બુટલેગર સહીત સાત સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

૩૧ ડિસેમ્બરના હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે બુટલેગરો અન્ય રાજ્યમાંથી ગુજરાતમાં વિદેશી દારૂનો જથ્થો એન કેન પ્રકારે કોશિશ કરતા હોય છે. અને આ વિદેશી દારૂની હેરાફેરી ઉપર અંકુશ લાવવા માટે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા દરરોજ દરોડા પાડવામાં આવી રહ્યા છે ત્યારે આવો જ એક દરોડો પાડવામાં આવ્યો છે. જેમાં ટીં ફર્સ્ટ પર પ્યાસીઓને મોજ કરાવા માટે દમણથી ૨ કન્ટેનર દારૂ ભરી રાજકોટ પહોંચે તે પહેલાં જ એસએમસીની ટીમે સુરતના કામરેજ-કડોદરા હાઈ-વે પરથી પકડી પાડીને ૧.૨૭ કરોડના મુદ્દામાલ સાથે ચાલકની ધરપકડ કરી છે.

માહિતી મુજબ સ્ટેટ મોનિટરિંગ સેલના ડીઆઈજી નિર્લિપ્ત રાય, ડીવાયએસપી કે. ટી. કામરિયાના માર્ગદર્શન હેઠળ પીઆઈ સી.એચ.પનારા અને ટીમે બાતમી આધારે સુરતના કામરેજ-કડોદરા હાઈ-વે પર મહાદેવ હોટલ પાસે દરોડો પાડી દારૂ ભરેલા બે કન્ટેનર સાથે યુપીના ચાલક વિવેકકુમાર શ્યામસુંદર યાદવની ધરપકડ કરી હતી.અને ટીમે કન્ટેનર ચેક કરતાં તેમાંથી અલગ-અલગ બ્રાન્ડની દારૂની કુલ ૩૨,૯૧૬ બોટલો જેની કિમત રૂપિયા ૭૭ લાખ અને કન્ટેનર તેમજ મોબાઈલ મળીને કુલ રૂ.૧.૨૭ કરોડનો મુદ્દામાલ કબેજ કર્યો હતો. પકડી પાડેલા આરોપી વિવેક કુમારની પૂછતાછ કરતાં તેને કબૂલાત આપી હતી કે, આ દારૂ દમણથી મોકલાવવામાં આવ્યો હતો.અને તેને રાજકોટમાં ગ્રીન લેન્ડ ચોકડી નજીક ડીલેવર કરવાનો હતો. જેથી આ મામલે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા કામરેજ પોલીસ સ્ટેશનમાં નાશી છૂટેલા



જીજે.૧૯. ય ૨૩૪૮ નંબરના કન્ટેનર ચાલક અનિલ યાદવ,દારૂ સપ્લાય કરનાર માનેક પટેલ, રાજકોટમાં દારૂ મંગાવનાર બુટલેગર અને રવીન્દ્ર રાજપૂત સહિત સાત શખસો સામે ગુનો નોંધી તેની શોધખોળ કરી છે. ઉલેખનિય છે કે, ૩૧ ડિસેમ્બર નજીક આવી રહી હોવાથી પ્યાસીઓને દારૂની રેલમછેલમ કરાવવા રાજકોટના બુટલેગર દ્વારા મોટી માત્રામાં દારૂ મંગાવવામાં આવ્યો હતો.

# સબરજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ કરાવવા આવેલા યુવાનની કાર સળગી

## અગ્નિશામક સાધનો ચાલુ જ ન થયાઃ કચરામાં આગ લાગતાં રેસ્ટોરન્ટ માલિકની કારમાં આગ ભભૂકી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના યાજ્ઞિક રોડ પર ધર્મેન્દ્રસિંહજી કોલેજ ગ્રાઉન્ડમાં આવેલી સબ રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ કરાવવા આવેલા રેસ્ટોરન્ટ માલીકની કારમાં આગ ભભૂકી ઉઠી હતી. કાર પાર્કિંગમાં પડી હતી ત્યારે કચરામાં આગ લાગતા કાર પણ ઝપટે ચડી જતા ભડભડ સળગી ઉઠી હતી. જયારે ખરા સમયે જ ઓફીસમાં રાખેલા અગ્નિ શામક સાધનો ચાલુ થયા ન હતા. ફાયર બ્રિગેડના સ્ટાફે દોડી જઈ આગ પર કાબૂ મેળવ્યો હતો. કો કે આગમાં સંપૂર્ણ કાર બળીને ખાક થઈ ગઈ હતી.જાણવા મળતી વિગત મુજબ અયોધ્યા ચોકમાં રહેતા રેસ્ટોરન્ટ માલીક ભાવેશભાઈ જેશીંગભાઈ રાઠોડ આજે સવારે પોતાની ક્રેટા કાર લઈ ઓફીસનો દસ્તાવેજ કરાવવા યાજ્ઞિક રોડ પર ધર્મેન્દ્રસિંહજી



ગ્રાઉન્ડમાં આવેલી સબ રજીસ્ટ્રાર કચેરીએ ગયા હતા. જયા પાર્કિંગમાં કાર પાર્ક કરી તેઓ ઓફીસમાં દસ્તાવેજની કામગીરી કરવા ગયા હતા દરમિયાન પાર્કિંગમાં પડેલી તેમની કારમાં અચાનક આગ ભભૂકી ઉઠતા દોડધામ મચી જવા પામી હતી.

ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડની ટીમ મીની ફાયર ફાયટર સાથે ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ બૂઝાવી નાંખી હતી. કાર માલીક ભાવેશભાઈના જણાવ્યા મુજબ તેઓ કાર પાર્ક કરી રજીસ્ટ્રાર ઓફિસમાં ગયા ત્યારે પાર્કિંગમાં પડેલા કચરામાં આગ લાગતા કાર પણ ઝપટે ચડી ગઈ હતી. કારમાં લાગેલી આગ બૂઝાવવા ઓફીસમાં રહેલા અગ્નિશામક સાધનોનો ઉપયોગ કરતા અગ્નિશામક સાધનો ચાલુ જ ન થયા હતા. બાદમાં ફાયર બ્રિગેડે આવી આગ બુઝાવી હતી આગમાં કાર સંપૂર્ણ બળીને ખાક થઈ ગઈ હતી. કારમા રહેલા ઓરીજીનલ ડોક્યુમેન્ટ પણ સળગી ગયા હતા.


# રાજકોટમાં ૩૪ વર્ષીય પરિણીતાનું હૃદય થંભી ગયુંઃ હાર્ટએટેક જીવલેણ નિવડ્યો

■ કુવાડવા રોડ પર અંબીકા રેસીડેન્સીમાં રહેતા મધુબેન માદરીયા ઘરે હતા ત્યારે જ બેભાન થઈ ઢળી પડયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં કુવાડવા રોડ પર અંબીકા રેસીડેન્સીમાં ૩૪ વર્ષીય પરિણીતાને આવેલ હાર્ટએટેક જીવલેણ નિકળતા કરૂણ મોત નિપજતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટમાં કુવાડવા રોડ પર અંબીકા રેસીડેન્સીમાં રહેતા મધુબેન અશ્વિનભાઈ માદરીયા (ઉ.વ.૩૪) પોતાના ઘરે હતા ત્યારે અચાનક છાતીમાં દુઃખાવો



ઉપડયા બાદ બેભાન થઈ ઢળી પડયા હતા. જેમને પરિવારજનો દ્વારા તાત્કાલિક સારવાર અર્થે સીવીલ હોસ્પીટલમા ખસેડાયા હતા.

જયાં ફરજ પરના તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે બી ડીવીઝન પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પી.એમ. અર્થે ખસેડયો હતો.

વધુમાં જાણવા મળેલ વિગત મુજબ મૃતકના પતિ ઈલેકટ્રીક કામ કરે છે અને સંતાનમાં બે પુત્રો છે જે મા વિહોણા બનતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

# વેલનાથપરામાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરીની ૧૧૯ ફિરકી સાથે શખ્સની ધરપકડ



રાજકોટમાં દર વર્ષે ઉતરાયણ પર્વ પર પોલીસ તંત્ર દ્વારા પ્રતિબંધીત ચાઈનીઝ દોરા સહિતની ચિજ વસ્તુઓના વેચાણ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં અનેક લોકો પ્રતિબંધીત વસ્તુઓનું વેચાણ કરતા ઝડપાઈ રહ્યા છે. ત્યારે રાજકોટમાં ઉતરાયણ પર્વના એક માસ પૂર્વે પોલીસે બાતમીના આધારે દરોડો પાડી રૂ. ૧૭,૮૫૦ની કિંમતની પ્રતિબંધીત ચાઈનીઝ દોરીની ૧૧૯ ફિરકી સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. આ અંગે મળતી વિગત મુજબ ખોખડદડ નદીના પુલ પાસે વેલનાથ પરા શેરી નં. ૩ માં મામા સાહેબના ખિજડાની બાજુમાં રહેતા સંજય મનુભાઈ અફસાણિયા નામના શખ્સે પોતાના રહેણાક મકાનમાં પ્રતિબંધીત પ્લાસ્ટિકની ચાઈનીઝ દોરીની ફિરકીઓ વેચાણ અર્થે રાખી હોવાની બાતમીના આધારે આજીડેમ પોલીસ મથકની ટીમે દરોડો પાયફો હતો. દરોડા દરમિયાન પોલીસે ઘરની તલાશી લેતા રૂા. ૧૭,૮૫૦ની કિંમતની પ્રતિબંધીત પ્લાસ્ટિકની ચાઈનીઝ દોરીની ૧૧૯ ફિરકી ઝડપી લીધી હતી. પોલીસે મકાન માલીક સંજય અફસાણિયાને પ્રતિબંધીત ચાઈનીઝ ફિરકીઓ સાથે ઝડપી લઈ તેની વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ અંગે આજીડેમ પોલીસ મથકના એએસઆઈ એચ.આર. ચાનિયા સહિતના સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.

# અટીકા ઈન્ડસ્ટ્રીઝ એરીયાનાં બંધ મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

રાજકોટ શહેર ક્રાઈમ બ્રાંચની ટીમે ઢેબર રોડ અટીકા ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં બુટલેગરના રહેણાંક મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂ બોટલ નંગ.૬૮ કબ્જે લઈ નાસી છુટેલા બુટલેગર વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે. વિગત મુજબ ટીમને મળેલી બાતમી આધારે ઢેબર રોડ અટીકા ઈન્ડસ્ટ્રીઝ શેરી નં.૮માં બુટલેગર વિજય અશોકભાઈ આડે ના મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂની બોટલ નંગ ૬૮ કિ. રૂ.૩૪૦૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો દરમિયાન વિજય નાસી છુટ છે.

# ભીમરાવનગરમાં પ્રૌઢ પર અજાણ્યા શખ્સોનો ધોકા વડે હુમલો

## મેટોડામાં શ્રામીકને નસેડીએ પાઈપથી ફટકાર્યો

રાજકોટ શહેરમાં માંડા ડુંગર વિસ્તારમાં આવેલા ભીમરાવનગરમાં તું અહીં કેમ ઉભો છો તેમ કહી યુવાન ઉપર અજાણ્યા શખ્સે પાઈપ વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જાણવા મળતી વિગત મુજબ માંડા ડુંગર વિસ્તારમાં આવેલા ભીમરાવનગરમાં રહેતા રતાભાઈ ધનાભાઈ પરમાર નામના ૫૦ વર્ષના આધેડ બપોરના એકાદ વાગ્યાના અરસામાં ભીમરાવનગરમાં આવેલા પટેલ ચોકમાં ઉભા હતા ત્યારે અજાણ્યા શખ્સે તું અહીં કેમ ઉભો છો તેમ કહી પાઈપ વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા આધેડને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત બીજા બનાવમાં મેટોડા જીઆઈડીસી ગેટ નં.૩માં આવેલી કંપનીમાં નરેશ લદ્ધુભાઈ કેવર નામના ૩૦ વર્ષના યુવક સાથે રણજીત નામના શખ્સે દારૂના રણજીતે નશાની હાલતમાં નરેશ કેવરને પાઈપ વડે માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# નેનપુરના શખસે રાજકોટની બે મહિલાઓનું ફેસબુક આઈડી હેક કર્યુ

## આઈડી-પાસવર્ડ બદલાવ્યા બાદ યુવતિનું નામ આપી ઠગાઈ આચરી

નેનપુરના શખસે રાજકોટની બે મહિલનઓનું ફેસબુક આઈડી હેક કર્યા બાદ આઈડી-પાસવર્ડ બદલાવી અન્ય યુવતિનું નામ વટાવી રૂ.૨૫૦૦ની છેતરપીંડી આચરી હતી. નિર્મલા કોન્વેન્ટ રોડ પર આવેલા બાલમુકુંદ પ્લોટમાં રહેતી ક્રીમીબેન પંકજભાઈ વાગડીયાએ સાયબર ક્રાઈમ પોલીસમાં નેનપુરના પ્રિતેશ મહેશભાઈ પ્રજાપતિ સામે ફરિયાદ નોંધાવી છે જેમાં ગત.તા.૨૪/૩નાતેણીના ફેસબુક ફ્રેન્ડ મીતલ પાટડીયાનો મેસેજ આવ્યો અને તેણીના નોટીફીકેશનમાં આવેલ કોડ માંગેલ હતો જેથી તેણી આપ્યો હતો બાદમાં તેણીનું ફેસબુક એકાઉન્ટ લોગ આઉટ થઈ ગયું હતું બાદમાં રાત્રીના તેણીના પતિના ફોનમાં પુર્વેશ શાહનો ફોન આવ્યો અને કહ્યું કે ક્રીમી સોની વાળા ફેસબુક આઈડના કહેવાથી રૂ.૨૫૦૦ ટ્રાન્સફર કરેલ છે બાદમાં સાયબર ક્રાઈમમાં અરજી કરતા નેનપુરના પ્રિતેશ મહેશભાઈ પ્રજાપતિ હોવાનું જાણવા તેના વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે તેમજ જામનગર રોડ પર આવેલા અજમેરા એપાર્ટમેન્ટમાં રહેતા અભયભાઈ કિરિટભાઈ શાહે ઉપરોકત શખસ સામે તેની પત્નિ ફેની શાહનું એકાઉન્ટ હેક કરી તેના ફેસબુક ફ્રેન્ડ રૂપિયાની માંગણી કરી હોવાની ફરિયાદ નોંધાવતા હેડ કોન્સટેબલ દિપક પંડીતે ગુનો નોંધી વધુ તપાસ પીઆઈ રીકીતા પઢીયારે હાથ ધરી છે.

# લગ્ન કરવાની લાલચ આપી શખ્સે ત્યકતા પર આચર્યુ દુષ્કર્મ

■ ત્રિકોણબાગ પાસે આવેલી ઓફિસમાં શખ્સે બે વાર શરીર સંબધ બાંધ્યોઃ એ.ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના એક વિસ્તારમાં રહેતી ત્યકતાએ એ ડિવીઝન પોલીસમાં જામનગર રોડ પર રહેતા ઉર્મીશ થાનકીનું નામ આપી જણાવ્યું હતુંકેવર્ષ ૨૦૧૦માં તેણીના રાજેશ લક્ષ્મણ ચંદેગરા સાથે લગ્ન થયા હતા પરંતુ બન્ને વચ્ચે મનમેળ ન થતા વર્ષ ૨૦૨૪ના જુલાઈ માસમાં છુટાછેડા લઈ લીધા હતા બાદમાં તેણીની મુલાકાત ઉર્મીશ થાનકી સાથે થઈ હતી તે લગ્ન કરશે તેમ વાયદાઓ કરી ત્રિકોણબાગ ચોકમાં આવેલ તેની ઓફિસે લઈ જઈ શખસે ઘેનની દવા પીવડાવી દુષ્કર્મ આચર્યુ હતું બાદમાં શખસે તેણીને ક્યુંકેજો આપણા લગ્નની પપ્પા ના પાડશે તો પણ હું લગ્ન તારી સાથે જ કરીશ તેવા વાયદો કર્યો હતો.

બાદમાં ફરિ તેની ઓફિસે લઈ જઈ ક્હ્યું કે તું મને પસંદ છે મારે તારી સાથે લગ્ન કરવા છે કહી શખસે મેરેજ માટે પ્રપોઝ કરી રીંગ પહેરાવી હતી બાદમાં બન્ને સાથે નાસ્તો કરવા ગયા હતા અને ત્યાંથી પરત ઓફિસે ગયા ત્યારે શખસે ક્હ્યું કે તારા પગ દુખે છે તો મારી પાસે એક દવા છે તુ ખાઈ લે તને સારૂ થઈ જશે કહી શીરપ આપ્યું હતું જે પીતા જ હું થોડીવારમાં બેભાન થઈ ગઈ હતી બાદમાં જાગીને જોતા મારા કપડા અસ્તવ્યસ્ત હતા જેથી શખસને પુછ્યું કે તે મારા કપડા શું કામ કાઢેલ હતા મે તને ના પાડી હતી ને કે લગ્ન પહેલા આપણે શરીર સંબંધ નહી રાખવો જેથી શખસે ક્હ્યું કે હવે તો આપણે એક બીજાના પતિ પત્નિ બની ગયા છી. તેમ વાત કરી હતી આમ અવાર નવાર લગ્ન કરવાના વાયદાઓ કરી દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીને સકંજામાં લીધો હતો.

# અમુલ સર્કલ પાસે હીસ્ટ્રીશીટરની હત્યા કરનાર ત્રણ શખ્સો ઝડપાયો

■ પત્નિના પ્રેમીએ હત્યા કરી પુત્રને કહ્યું કે મેં તારા બાપને મારી નાખ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મૂળ જેતપુરના પેઢલા ગામનો વતની હાલ શહેરના ૮૦ ફુટ રોડ પર ફુટપાથ પર રહી એકવાયું જીવન જીવતો કુખ્યાત હીસ્ટ્રીશીટર મુકેશ અરજણ ગુજરાતીની તેની પત્નિના પ્રેમી સાગર અને તેના મિત્ર સંજયએ કરપીણ હત્યા કરી નાશી છુટેલા હતા બનાવ અંગે ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી, થોરાળા પોલીસ સહિતનો સ્ટાફ દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડી કાર્યવાહી હાથ ધરી હતી. હત્યા કરી નાશી છુટેલ બેલડીને



એલસીબીએ ગોંડલ ચોકડી પાસેથી ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી છે. દોઢ માસ પુર્વે મૃતક મુકેશની પત્નિ શોભના પ્રેમી સાગર સાથે જતી રહી હતી અને ગઈકાલે સાંજે શોભના તેના પ્રેમી સાથે રીક્ષામાં આવતા પતિ મુકેશે કહ્યું કે તે બીજુ ઘર કરી લીધું છતાં અહીં શું કામ આવી કહી મારવા દોડતા તેણી ઘરેથી ભાગી ગઈ હતી અને તેને શોધવા મુકેશ અને તેનો પ્રેમી સાગર રીક્ષામાં નીકળ્યા હતા બાદમાં પુત્રએ પિતા ઘરે ન આવતા ફોન કરતાં સાગરે ફોન ઉપાડી કહ્યું કે મેં તારા બાપને મારી નાખી અમુલ સર્કલ પાસે ફેંકી દીધો છે. બનાવ અંગેની જાણ થતા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દોડી જઈ મૃતકના નાના ભાઈ રામજી અરજણ ગુજરાતીની ફરિયાદ પરથી સાગર મનસુખ મકવાણા વિરૂધ્ધ ગુનોં નોંધ્યો હતો. હત્યારો રીક્ષા લઈ ગોંડલ તરફ નાશી છુટયો હતો તેને એલસીબી ઝોન-૧ની ટીમે પગેરૂ મેળવી ગોંડલ ચોકડી નજીકથી જ ઝડપી લીધો હતો હત્યા કરવામાં મદદગારી કરનાર સાગરના મિત્ર સંજય રમણીક સોલંકીને પણ દબોચી લઈ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.